# હાદી
## માસિક

જમાદીયુસ્સાની, હીજરી સન ૧૪૩૦,
જૂન - ૨૦૦૯

**બાળકો અને નવયુવાનો માટે**





રૂ. 30/-

# આલિમકી મૌત આલમકી મૌત હૈ (હદીસ)



હઝરત આયતુલ્લાહ ઉઝમા શેખ મોહમ્મદ તકી બહજત (ર.હ.) વફાત ૧૭ મે, ૨૦૦૯

હઝરત આયતુલ્લાહ બહજત (ર.હ.) ઈમામ રઝા (અ.સ.)ની બારગાહમાં





E-mail : hadimasik@yahoo.com

بسم الله الرحمن الرحيم


જમાદીયુસ્સાની, હીજરી સન ૧૪૩૦,
જૂન - ૨૦૦૯

**ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત**

અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

ધર્મ પ્રચારક-પ્રખર વિદ્વાન-કૌમના સંનિષ્ઠ સેવક :

**આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા**

મુદઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી : **સૈયદ મોહમ્મદ રઝા ગરવી**

કાર્યવાહક તંત્રી : **સૈયદ મોહમ્મદ અખ્તર**

સહાયકો : **અહમદ રઝા ઝુરારહ**
**તાલીમરઝા અજમેરી**

અનુવાદક : **સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી**
આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુષોભન : **એ.પી. ગ્રાફીક્સ**


## બઈસ્મેહી તઆલા

વહાલા બાળકો !

અસ્સલામો અલયકુમ !

આ માસને કાએનાતના શાહઝાદી હઝરત ફાતેમા ઝહરા સલામુલ્લાહે અલ્યહાનો માસ કહેવામાં આવે તો ખોટું નથી કેમકે આ માસમાં જ આપની બસઆદત વિલાદત થએલ અને શહાદતનો દુ:ખદ પ્રસંગ પણ બનેલ છે.

આપ રસૂલે ઈસ્લામ(સ.અ.વ.)ની એકમાત્ર દીકરી હતાં. આપના ફઝાઈલ અને કમાલાત-આપનું આદર્શ જીવન અને ચારિત્ર્ય તમામને માટે એક સર્વોત્તમ આદર્શ નમૂનો અને પથદર્શક પ્રકાશ છે.

પયગમ્બરે ઈસ્લામ(સ.અ.વ.) એ આપને પોતાના માટે શાંતિ પ્રદાન કરનાર જણાવ્યાં છે. આપનું આદરણીય અસ્તિત્વ સમગ્ર સ્ત્રી જાતિ માટે અનુકરણીય છે. એ કહેવું પણ ખોટુ નથી કે આપ સ્ત્રીઓના જગતના પયગમ્બર હતાં.

આપનું ટૂંકું જીવન પણ દરેક રીતે સંપૂર્ણ-સંપૂર્ણતમ-અને હિદાયતનો સ્ત્રોત છે.

આપે જે રીતે રસૂલે ઈસ્લામ(સ.અ.વ.)ની ઈસ્લામના પ્રચાર-પ્રસારમાં મદદ કરી હતી તેવી જ રીતે મોલાએ કાએનાત (અ.સ.)ના ખિલાફતના અધિકાર માટે પણ સંપૂર્ણ અવાજ ઉઠાવ્યો હતો અને જગત ઉપર એ જાહેર કરી દીધું હતું કે ઈસ્લામે ન્યાય માંગવાનો અધિકાર સ્ત્રીઓને પણ આપ્યો છે. આપણને શાહઝાદીના ચારિત્ર્યનું અનુકરણ કરીને દુન્યા અને આખેરત બંને સજાવવાની શ્રેષ્ઠ તક છે.

વહાલાઓ ! વેકેશન પૂર્ણ થઈ ગએલ છે. આપણે પૂરા જોમ અને જુસ્સા સાથે પોતાના શૈક્ષણિક કાર્યમાં લાગી જવું જોઈએ. ખરેખર તો વેકેશન આપણી શક્તિઓ એકત્રિત કરવા અને તેને પુન:સંચાલિત કરવા માટે હોય છે. હવે આપણે પ્રસન્ન ચિત્તે મન પરોવીને અભ્યાસ કરવો જોઈએ જેથી કરી ફરી એકવાર પોતાની કૌમ અને માતા-પિતા અને કુટુંબીજનો ગર્વથી માથું ઉંચકી શકે.

જો વેકેશન દરમિયાન ક્યાંક ફરવા જવાનું થયું હોય તો પોતાના પ્રવાસના ખાટા-મીઠા સંસ્મરણો અમને પણ જરૂર લખી મોકલજો...

વસ્સલામ


**વિગતો માટે સંપર્ક :** યુરોપ, અમેરીકા અને કેનેડા માટે : **અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા**

*Bustan -E- Zehra Association*

**Mukhtar Abbas Vasaya**

91, Longthrnton Road, LONDON, SW 16 5QF Tel. : 0044 - 2082866198

Mo.: 00447828958746 E-mail : movasaya@hotmail.com



**વાર્ષિક લવાજમ રૂા.૩૦૦/-**



ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :

**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)**

ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦

ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨

E-mail : hadimasik@yahoo.com



# કુરઆનનો ખૂણો

## સૂરએ નાસ

બિસ્મિલ્લા-હિર્રહમા-નિર્રહીમ

કુલ અઊઝો બેરબ્બિન્નાસે ૦ મલેકિન્નાસે ૦ ઈલાહિન્નાસે ૦ મિન શર્રિલ વસ્વાસિલ ખન્નાસિલ ૦ લઝી યોવસ્વિસો ફી સુદૂરિન્નાસે ૦ મિનલ જિન્નતે વન્નાસ ૦

અનુવાદ : હે રસૂલ ! કહી દો કે (હું) મનુષ્યોના પરવરદિગારનો આશ્રય માંગુ છું - જે બધાં જ લોકોનો માલિક અને સમ્રાટ છે. બધાં જ મનુષ્યોનો આરાધ્ય (માઅબૂદ) છે - શયતાનના કુવિચારો (શંકા-કુશંકા) ના ઉપદ્રવથી - જે અલ્લાહનું નામ સાંભળીને પાછો હટી જાય છે - અને જે હૃદયમાં શંકા કુશંકા પેદા કરે છે - તે જિનોમાંથી હોય કે મનુષ્યોમાંથી હોય.



E-mail : hadimasik@yahoo.com

- આ સૂરો કુરઆનનો અંતિમ સૂરો છે.

- આ સૂરામાં તમામ મનુષ્યો અને શયતાનોના નુકશાન પહોંચાડવાથી - ગેરમાર્ગે દોરવાથી - કુવિચારો અને શંકા કુશંકા પેદા કરવા જેવા કામોથી ખુદાની બારગાહમાં રક્ષણ માંગવાની આજ્ઞા કરવામાં આવી છે.

- આ સૂરામાં શયતાન અને ખન્નાસના કુવિચારોના મુકાબલામાં અલ્લાહને તેના પ્રભુત્વ (રબૂબીય્યત) અને તેના માલિકપણાંના ગુણથી યાદ કરવામાં આવ્યો છે. જેથી બંદો (દાસ) જાણી લે કે એક માત્ર ખુદા જ બધાનો પાલનહાર છે. તેથી તેનાજ ફરમાનોનું હંમેશા પાલન કરવું જોઈએ અને તે જ સાચો હાકેમ અને માલિક છે, તેથી તેની જ આજ્ઞાઓને હંમેશા શિરોમાન્ય ગણવી જોઈએ. અને તે જ બધાનો આરાધ્ય (માઅબૂદ) અને ખુદા છે તેથી તેના સિવાય બીજા કોઈની આરાધના (ઈબાદત) કરવી જોઈએ નહીં.

- કેમકે દરેક નુકશાન-ભય અને શયતાની કુવિચારો - શંકા કુશંકાઓથી બચાવનાર અને રક્ષણ આપનાર સૌથી શક્તિશાળી ફક્ત એકમાત્ર જગતનો ખુદા જ છે. તે જ સૌનો માલિક પણ છે. સૌનો આરાધ્ય (માઅબૂદ) અને રક્ષક પણ છે. તેથી તેનો આશ્રય (પનાહ) માંગવાનો હુકમ આપવામાં આવ્યો છે.

- શયતાન હંમેશા - દરેક પળે આપણને ફોસલાવી - પટાવીને ખોટા માર્ગે ચઢાવી દે છે - કુવિચારોમાં નાંખી દે છે તેથી આ સૂરાને હંમેશા પઢતાં રહેવું જોઈએ.





# હુદહુદની વાર્તા

(ગતાંકથી ચાલુ)

વહાલા મિત્રો ! તમે હુદહુદ પાસેથી અત્યાર સુધી જે વાર્તા સાંભળી છે તે પ્રમાણે છેવટે તેણે જનાબ સુલેમાન (અ.સ.) નબીયે ખુદાને બિલ્કીશના આવવાના સમાચાર પહોંચાડ્યા હતાં. અને તેથી સુલેમાન (અ.સ.) નબીએ બિલ્કીશના આગમન પહેલાંજ તેના ભવ્ય અને ખૂબ મોટા સિંહાસનને લાવી દેવા હુકમ આપ્યો હતો. ઘણાં જિનો, રાક્ષસો વિગેરેમાંથી કોઈએ એક કલાકમાં, તો કોઈએ અડધા કલાકમાં તે સિંહાસન લાવી આપવાનો દાવો કર્યો હતો. બિલ્કીશનું સિંહાસન 'સબા' દેશમાં હતું. અને જનાબ સુલેમાન (અ.સ.) પેલેસ્ટાઈનમાં હતાં. બંને સ્થળો વચ્ચે ઘણું વધારે અંતર હતું. પરંતુ જનાબ સુલેમાન (અ.સ.)એ એ તમામના દાવાઓનો અસ્વીકાર કર્યો, તેમની ઈચ્છા તો તે સિંહાસન તરત જ હાજર કરવામાં આવે તેવી હતી.

છેવટે જ્યારે બધાં જિન-રાક્ષસો પોત-પોતાના દાવાઓ રજુ કરીને શાંત થઈ ગયાં ત્યારે મેં જોયું કે એ લોકોમાંથી એક વ્યક્તિ ઉભા થયાં.

તે વ્યક્તિ બીજા કોઈ નહીં પણ એક મનુષ્ય હતા. તે જનાબ સુલેમાન (અ.સ.)ના મંત્રી હતા અને તેમના ઉત્તરાધિકારી પણ હતાં. તેમનુ નામ આસિફ બિન બરખ્યા હતું. તે અલ્લાહની કિતાબનું થોડુંક જ્ઞાન પણ ધરાવતાં હતા.

તે ઉભા થયાં અને જનાબ સુલેમાન (અ.સ.)ની સમક્ષ ઉપસ્થિત થઈને કહ્યું. "જો આજ્ઞા હોય તો હું આ સેવા બજાવી લાવું" જનાબ સુલેમાન (અ.સ.)એ પૂછ્યું : "કેટલા સમયમાં તે સિંહાસન લઈ આવશો ?" આસિફ બિન બરખ્યાએ અરજ કરી: "હજૂર, બસ આંખના પલકારામાં તે સિંહાસન અહિયાં હાજર કરી દઈશ."

આ સાંભળીને જનાબ સુલેમાન (અ.સ.)ના દરબારમાં બેઠેલા બધાં જિનો-રાક્ષસો વિગેરે આશ્ચર્યચકિત રહી ગયાં. સુલેમાન (અ.સ.) એ કહ્યું :"તો પછી રાહ કોની જુઓ છો ? તરત જ લઈ આવો. "આસિફ બરખ્યાએ કહ્યું : " "હજુર ! બસ આપની આજ્ઞાની રાહ જોતો હતો." આમ જનાબ સુલેમાન (અ.સ.)એ આજ્ઞા કરી કે તરત જ આસિફ બરખ્યા એ અલ્લાહે તેમને બક્ષેલી શક્તિ વડે આંખના પલકારામાં બિલ્કીશનું પૂરું સિંહાસન સબા દેશમાંથી જનાબ સુલેમાન (અ.સ.)ના દરબારમાં હાજર કરી દીધું.



E-mail : hadimasik@yahoo.com

વહાલા બાળકો ! તમને ખબર છે કે આંખના પલકારામાં જનાબ સુલેમાન (અ.સ.)એ બિલ્કીશના સિંહાસનને પોતાની સમક્ષ મોજૂદ જોયું તો તેમણે શું કર્યું ? દુન્યાના સમ્રાટો કરે છે તેમ જનાબ સુલેમાન (અ.સ.)એ પોતાના દરબારીઓની શક્તિ ઉપર કોઈ ઘમંડ કર્યું નહીં. પરંતુ તેમણે આંખના પલકારામાં પોતાની નજર સમક્ષ તે સિંહાસનને જોયું તો કહ્યું કે : "આ મારા પરવરદિગારની દયા અને કૃપા છે. જેથી કરીને આ પ્રસંગથી અમારી અજમાયશ કરે – અમારી પરીક્ષા લે અને જુએ છે કે અમે (તેની આ દયા–કૃપા માટે તેના પ્રત્યે પોતાની) કૃતજ્ઞતા પ્રગટ કરીએ છીએ કે અકૃતજ્ઞતા પ્રગટ કરીએ છીએ. જે કૃતજ્ઞતા પ્રગટ કરે છે તે પોતાના લાભ માટે જ કૃતજ્ઞતા પ્રગટ કરે છે અને જો કોઈ અકૃતજ્ઞતા પ્રગટ કરે છે તો અલ્લાહ તો નિઃસ્પૃહ (બેપરવા) અને કૃપાળુ છે."

તે પછી જનાબ સુલેમાન (અ.સ.) એ એવી આજ્ઞા કરી કે આ સિંહાસનમાં થોડાંક એવા ફેરફારો કરી દેવામાં આવે જેથી તેને ઓળખી શકાય નહીં.

તમે જાણો છો જનાબ સુલેમાન (અ.સ.) એ સિંહાસનમાં કેટલાંક ફેરફાર કેમ કરાવ્યા ? – તે એટલા માટે કે તેઓ જાણવા માંગતા હતા કે મહારાણી બિલ્કીશ જ્યારે સુલેમાન નબી (અ.સ.) સમક્ષ દરબારમાં આવે ત્યારે તે આ સિંહાસનને ઓળખી જાય છે કે નહીં !

છેવટે મહારાણી બિલ્કીશ પોતાનાં સૈન્ય–સેનાપતિઓ અને મંત્રીઓ સાથે શહેરમાં આવી પહોંચી અને જનાબ સુલેમાન (અ.સ.) એ તેમને પોતાના દરબારના મુખ્ય દ્વારથી પ્રવેશવાની પરવાનગી આપી.

પરંતુ તમે જાણો છો કે આ પહેલાં જનાબ સુલેમાન (અ.સ.) એ એક બીજું કામ પણ કરાવી નંખાવ્યું હતું !

જાણો છો તે કામ શું હતું ? તે એ કે તેમણે પોતાના દરબારના મુખ્ય દ્વારથી પોતાના સિંહાસન સુધી પાણીની એક નાની નહેર બનાવડાવી હતી અને તેના ઉપરથી દરબારમાં દાખલ થઈ શકાય તેવી રચના કરાવી હતી.

વહાલા બાળકો ! તમે પ્રશ્ન કરશો કે પાણી ઉપર કેવી રીતે ચાલી શકાય ? પરંતુ ત્યાં કોઈ પાણીની નહેર હતી જ નહીં. જનાબ સુલેમાન (અ.સ.)એ ત્યાં એક એવા કાચનો રસ્તો બનાવડાવ્યો હતો કે જે દેખાવમાં પાણી વહેતું હોય તેવો લાગે. ખબર જ ન પડે કે પાણી છે કે કાચ !

જાણો છો જનાબ સુલેમાન (અ.સ.) એ આ કામ શા માટે કરાવડાવ્યું હતું ? તો સાંભળો – તેમણે આવી રચના એટલા માટે કરાવડાવી હતી કે તેનાથી બિલ્કીશના બુધ્ધિચાતુર્યની પરીક્ષા થઈ જાય. જો તે ત્યાં પગ મૂકતી વખતે પોતાના વસ્ત્રો પાણીથી પલળે નહીં તે માટે સહેજ સંકોરીને પગ મૂકે તો ખબર પડી જાય કે તે કાચને પાણી જ સમજે છે અને બેવકૂફ બને.

અંતિમ દશ્ય ઘણું જ સુંદર હતું. જનાબ સુલેમાન (અ.સ.) પોતાના સિંહાસન ઉપર બિરાજમાન હતાં. તમામ દરબારીઓ મનુષ્યો–જિન્નાત–પશુ–પક્ષીઓ દરેક પોતપોતાના હોદ્દા મુજબની જગ્યાએ અત્યંત મર્યાદા જાળવીને બેઠેલા હતાં. ત્યાં જ મહારાણી બિલ્કીશ અને તેના સાથીઓ દરબારના મુખ્ય દ્વારે આવી પહોંચ્યાં. સૌથી આગળ મહારાણી બિલ્કીશ પોતે હતી. ત્યાં પહોંચીને મહારાણી બિલ્કીશે જોયું કે રસ્તો તો પાણીમાંથી પસાર થાય છે. તેણે વિચાર્યું, પાણી ઊંડું લાગે છે. તેથી પોતાના વસ્ત્રોને પિંડલી સુધી સંકોરી લઈને ચાલવા લાગી.

ત્યારે જનાબ સુલેમાન (અ.સ.) એ કહ્યું, વસ્ત્રો નીચે કરીને જ ચાલો. આ મહેલ અત્યંત સાફ કાચથી બનાવેલો છે અને આ રસ્તા પર પણ કાચ જ છે, પાણી નથી.

બિલ્કીશ એ જોઈને શરમાઈ ગઈ અને તેણે ખુદાતઆલાએ જનાબ સુલેમાન (અ.સ.) ને જે વૈભવ આપ્યો હતો તે જોઈને કહ્યું : "મેં ખરેખર મારા પોતાની ઉપર અત્યાચાર કર્યો છે અને હવે હું જગતના પાલનહાર જે અલ્લાહની જનાબ સુલેમાન નબી આરાધના કરે છે તે અલ્લાહ ઉપર ઈમાન લાવું છું."

પછી જ્યારે મહારાણી બિલ્કીશ સિંહાસન પાસે પહોંચી ત્યારે તેને પૂછવામાં આવ્યું – ઓળખી શકો છો ! આ તમારૂં જ સિંહાસન છે ? તેણે કહ્યું "લાગે છે તો મારૂં જ પરંતુ આ કેવી રીતે બને ! આટલું ભારે અને મોટું સિંહાસન મારા દેશમાંથી – હજારો માઈલ દૂરથી અહિંયા લાવી જ કેવી રીતે શકાય !!!"

વહાલા બાળકો ! આવી રીતે 'સબા' દેશની આ મહારાણી બિલ્કીશ અલ્લાહ અને અલ્લાહના નબી જનાબ સુલેમાન (અ.સ.) ઉપર ઈમાન લઈ આવી.

વહાલા બાળકો ! તમે જાણો છો, જનાબ સુલેમાન (અ.સ.) કેટલા મહાન નબી હતાં? તેમનું શાસન મનુષ્યો–જિન્નો– રાક્ષસો–હવા–પાણી–પશુ–પક્ષી તમામ ઉપર ચાલતું હતું. તમામ આપની આજ્ઞા સ્વીકારતાં હતા.


E-mail : hadimasik@yahoo.com

## અલ્લાહના નેક નામો

# અલ-કુદ્દૂસો

આ નામનો અર્થ "એ ઝાતથી દરેક પ્રકારના દોષ-બુરાઈ-પાપ-અશુધ્ધિથી પાક સાફ હોય - જેનામાં કોઈપણ પ્રકારનો દોષ - પાપ - બુરાઈ - અશુધ્ધિ રજભાર પણ ન હોય તે " થાય છે. અને કુરઆનની આયતો અને માઅસૂમીનની હદીસો અને દુઆઓમાં અલ્લાહના આ નામનો પુષ્કળ પ્રમાણમાં ઉપયોગ થયો છે.

**હોવલ્લાહુલ્લઝી લાઈલાહા ઈલ્લા હોવા - અલ મલકુલ કુદ્દૂસુસ સલામુલ મોઅમેનુલ મોહયમેનુલ અઝીઝુલ જબ્બારૂલ મુતકબ્બરો - સુબ્હાનલ્લાહે અમ્મા યુશરેકૂન** (સૂરા - હશ્ર-આયત-૨૩)

અનુવાદ :- એ-એકને એક માત્ર અલ્લાહ છે જેના સિવાય બીજો કોઈ પાલનહાર નથી. તે જ ખરો શાષક અને માલિક છે. તે જ દરેક પ્રકારના દોષ - પાપ - અશુધ્ધિથી પાક સાફ છે. જે કોઈના ઉપર જુલમ ગુજારતો નથી જ. તે ઈમાન લાવેલા લોકોનો આશ્રયદાતા છે. દરેક વસ્તુનું રક્ષણ કરે છે. તે અપરાજિત છે, શક્તિશાળી છે અને મહાનતાને પાત્ર છે અને તેની સાથે શરીક (ભાગીદાર) ઠેરવે છે તેનાથી પણ તે પાક છે.

માઅસૂમીન (અ.સ.)ની પોતાની દુઆઓ અને ઝિયારતોમાં આ નામ વારંવાર આવે છે.

વ યા બેઈસ્મેકર-સુબૂહિલ કુદ્દૂસિલ-બર્હાનિલ્લઝી - હોવા નૂરૂન અલા કુલ્લે નૂરિન.

અનુવાદ : અને તારા પવિત્ર અને અતિ પવિત્ર નામને વચ્ચે રાખીને (ના વસ્તાથી) (તારી પાસે ) માગું છુ. - યાચના કરૂ છું - અને (તેનાથી) જે પ્રકાશથી પણ ઉચ્ચતર પ્રકાશ (પ્રકાશમય) છે.

**આ ઈસ્મે ઈલાહી (અલ્લાહના આ નામ)ની ઘણી ખાસિયતો છે. તેમાથી કેટલીક અહિં આપી છે.**

(૧) ઈમામ અલી રઝા (અ.સ.) એ ફરમાવ્યું છે કે જે વ્યક્તિ દરરોજ સુર્યાસ્ત સમયે ૧૭૦ વખત "યા કુદ્દૂસો" પઢશે તેનું હ્દય પાક-સાફ થઈ જશે અને તે પોતાના મન અને શયતાન (બંને)ના બહેકાવવાથી બચી જશે.

(૨) જે વ્યકિત દરરોજ ૧૧૧ વખત "યા કુદ્દૂસો" પઢશે તે બાહ્ય અને આંતરિક તમામ પ્રકારના રોગોથી બચી જશે.

(૩) જે વ્યક્તિ શુક્રવારે રોટલીના એક ટુકડા ઉપર "સુબૂહુન-કુદ્દૂસુન-રબ્બુલ મલાએકતે વર્રૂહ " લખીને તે કોળિયાને ખાઈ જશે તો તેમાં ફરિશ્તાઓ જેવા ગુણો આવી જશે.

(૪) રાત્રે ૧૭૦ વાર "યા કુદ્દૂસો" પઢવાથી ઉચ્ચ દરજ્જો મળે છે અને દુઆ કબૂલ થવામાં ફાયદો થાય છે.

(૫) ફરિશ્તાઓનો સંપર્ક કરવા કે તેમને જોવા માટે દરરોજ "યા કુદ્દૂસો" પઢવાથી બાહ્ય અને આંતરિક રોગોથી રક્ષણ મળે છે અને દુઆઓ કબૂલ થાય તેમાં લાભદાયક થાય છે.



# દીન ની જાણકારી

## આપણાં માઅસૂમીન (અ.સ.)

અલ્લાહ તબારક-વ-તઆલાએ મનુષ્યોને સીધો માર્ગ ચીંધવા માટે અને તેમને સફળતાના શિખરો સુધી પહોંચાડવા માટે નબી પછી આપણાં માઅસૂમીન (અ.સ.)ની વ્યવસ્થા રાખી છે. આખરી નબી આપણાં નબી હઝરત મુહમ્મદ (સ.અ.વ.) હતાં. તે પછી હિદાયતનું કામ માઅસૂમીન (અ.સ.)ને સોંપાએલ છે. હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.) અને જનાબ ફાતેમા ઝહરા (સલા.) ઉપરાંત બાર ઈમામો મળીને આપણાં માઅસૂમીન (અ.સ.)ની સંખ્યા ચૌદ થાય છે અને તે આ રીતે છે.

(૧) હઝરત રસૂલે ખુદા મુહમ્મદ મુસ્તફા (સ.અ.વ.)
(૨) હઝરત અલી મુરતઝા (અ.સ.)
(૩) હઝરત ફાતેમા ઝહરા (સલામુલ્લાહે અલયહા)
(૪) હઝરત ઈમામ હસન મુજતબા (અ.સ.)
(૫) હઝરત ઈમામ હુસૈન શહીદે કરબલા (અ.સ.)
(૬) હઝરત અલી ઈબ્નલ હુસૈન - સૈયદે સજ્જાદ (અ.સ.)
(૭) હઝરત ઈમામ મુહમ્મદ બાકિર (અ.સ.)
(૮) હઝરત ઈમામ જાઅફરે સાદિક (અ.સ.)
(૯) હઝરત મૂસા કાઝિમ(અ.સ.)
(૧૦) હઝરત અલી રિઝા (અ.સ.)
(૧૧) હઝરત મુહમ્મદ તકી (અ.સ.)
(૧૨) હઝરત અલી નકી (અ.સ.)
(૧૩) હઝરત ઈમામ હસન અસ્કરી (અ.સ.)
(૧૪) હઝરત ઈમામ મહદી (અજ.)



E-mail : hadimasik@yahoo.com

## આપણાં માઅસૂમીન (અ.સ.) અંગે આપણી માન્યતા એવી છે કે :

★ તે તમામ દરેક જાતના ગુનાહ - પાપ એટલે સુધી કે ભૂલ-ચૂકથી પણ પાક છે એટલે કે સંપૂર્ણપણે માઅસૂમ (જેમાં રજમાત્ર પણ દોષ ન હોય તેવા) છે.

★ તે અલ્લાહની તમામ આજ્ઞાઓ - કાયદાકાનૂનો, નીતિ-નિયમો, માન્યતાઓ-અકીદાઓ-અને શરીઅત-એ બધી જ બાબતોના સંપૂર્ણ જાણકાર છે.

★ દીનના જ્ઞાન ઉપરાંત લોકોના માર્ગદર્શન અને હિદાયત માટે જરૂરી હોય તેવી તમામ વિદ્યાઓ અને જાણકારીઓ પણ તેઓ સંપૂર્ણપણે ધરાવે છે.

★ ઈસ્લામ દીનની કોઈપણ આજ્ઞા એ પોતાના તરફથી આપતાં નથી (એટલે કે તે ફક્ત દીને ઈસ્લામની-અલ્લાહની આજ્ઞાઓ જ આપણાં સુધી પહોંચાડે છે.) અને દીનમાં કોઈ વસ્તુને તેઓ ભેળવી પણ દેતાં નથી.

★ તેઓ શ્રેષ્ઠ ચારિત્ર્યથી સુસજ્જિત-લોકોમાં સર્વશ્રેષ્ઠ વ્યક્તિઓ અને ઈસ્લામના સર્વસંપૂર્ણ અને સર્વશ્રેષ્ઠ નમૂના હોય છે.

★ લોકોની જેમ તેઓ અલ્લાહે બનાવેલ સૃષ્ટિ-મનુષ્ય અને અલ્લાહના બંદા હોય છે. તેઓ બીમાર પણ પડે છે અને તેમને મૃત્યુ પણ આવે છે.

★ તેઓને અલ્લાહ તઆલાએ મોઅજિઝા અને કરામતોની શક્તિ પણ આપેલી હોય છે અને અલ્લાહની આજ્ઞાથી તેઓ આશ્ચર્યજનક કામો પણ કરે છે.

★ તેઓ પૈકી ચૌદમા માઅસૂમ જે બારમા ઈમામ પણ છે (ઈમામ ઝમાના) તેઓ આજે પણ જીવિત છે.

# મગજ કસો

## ગણિતની ગમ્મત

વહાલા બાળકો ! તમને ગણિત આવડે છે ! તો પછી ચાલો, અમે તમને એક પ્રશ્ન પુછીએ છીએ, જવાબ આપશો ! હા. તો અમારા પ્રશ્નનો જવાબ આપવા તૈયાર થઈ જાવ !

**પ્રશ્ન :**

- તમે ૧ થી ૧૦ ની સંખ્યામાંથી કોઈપણ એક સંખ્યા મગજમાં નક્કી કરી લો.
- નક્કી કરી લીધી ? તો પછી તે સંખ્યાને બે વડે ગુણો.
- પછી જે સંખ્યા આવી તેમાં બે ની સંખ્યા ઉમેરી દો.
- હવે જે સંખ્યા આવી તેને અડધી કરી દો.
- અડધી સંખ્યા કરી દીધાં પછી જે સંખ્યા રહી તેમાંથી તમે અગાઉ નક્કી કરેલી રકમ બાદ કરી દો. તે સંખ્યા તમે વિચારેલી પરંતુ તમારો જવાબ અમે આપીએ છીએ.

**તમારો જવાબ છે - ૧**

તમે જુદી-જુદી સંખ્યાઓની ગણત્રી ઉપરની રીતે કરો, દરેક વખતે છેવટે વધતી સંખ્યા તો એક જ રહેશે. છે ને ગણિતની ગમ્મત. તો ચાલો આ રમત તમારા મિત્રો સાથે રમો અને પોતે ગણિતના મોટા 'ખાં' છો તે સાબિત કરી આપો. રીત ફરી શીખવાડી દઉં.

દા.ત. તમે પહેલાં ધારેલી સંખ્યા ૬ હતી. તેને બે વડે ગુણતાં જવાબની ૬ ઠ ૨= ૧૨ થશે. તેમાં ફરી બે ઉમેરતાં સંખ્યા ૧૨+૨ = ૧૪ થશે. તેને અડધા કરી દેતાં ૧૪ ના અડધા ૭ થશે. આ ૭ ની સંખ્યામાંથી અગાઉ ધારેલી સંખ્યા ૬ બાદ કરતાં ૭-૬=૧ શેષ રહેશે. તો જવાબ એક જ આવ્યો ને. છે ને ગણિતની કમાલ. આવી રીતે કોઈપણ સંખ્યા ધારો, જવાબ તો એકનો - એક જ આવશે. તો પછી મંડી પડો, પોતાના મિત્ર સાથે આ ગણિતની ગમ્મત કરવા !!!

## : નંબર શોધો :

અહીં આપેલ બોક્ષમાં ૩૭ થી ૯૭ ની વચ્ચેના ૧૨ નંબર આપેલ છે.દરેક નંબરો ૪-૪નો ઉમેરો કરીને ગણેલા છે. આપેલ ૧૨ નંબર સિવાય ૪ નંબરો રહી ગયેલ છે.
શું તે તમે શોધી શકશો ?

45 65 81 57
77 89 69
85 97
49 73 37

નીચે આપેલ ચિત્ર દોરો - પરંતુ ચિત્ર શરૂ કર્યા પછી કાગળ ઉપરથી પેન ઉપાડ્યા વગર !
યાદ રહે કોઈપણ લાઈન દોર્યા પછી ફરીથી તેની ઉપર પેન ફેરવવાની નથી.







E-mail : hadimasik@yahoo.com

# ઈસ્લામી શિષ્ટાચાર

## માતા-પિતાની સેવા-ચાકરી

આપણાં ધર્મ ઈસ્લામમાં પોતાના માતા-પિતાની સેવા-ચાકરી, તેમની સાથે પ્રેમપૂર્વક વર્તવા-તેમની સાથે નેકી કરવા અને તેમના માટે દુઆઓ કરવાની બાબતે ખુબ જ ભારપૂર્વક આજ્ઞા આપવામાં આવી છે. પરમ દયાળુ-જગતનો પાલનહાર-પરવરદિગાર ફર્માવે છે કે : "જુઓ આ તમારા પરવરદિગારનો ફેસલો (આજ્ઞા) છે કે તમો તેના સિવાય બીજા કોઈની કદીયે (એક પળ માત્ર માટે પણ ) ઈબાદત કરતાં નહી... અને પોતાના માતા-પિતા સાથે સારી રીતે વર્તજો.....જો તમારી હયાતીમાં જ તે બે પૈકી કોઈપણ એક અથવા બંને ઘરડાં થઈ જાય તો (તેમનાથી કંટાળી જઈને) તેમની સામે ઉંહકારો પણ કરતાં નહીં.... અને તેમને ઘાક ઘમકી તો (કદીયે) આપતાં જ નહીં.... તેની સાથે હંમેશાં સુશીલતાથી વાતચીત કરજો... અને તેમના કરતાં તમો નિમ્ન દરજ્જાના છો તે દર્શાવવા માટે પોતાના ખભાઓને નમાવીને રાખજો.... તેમના માટે આ દુઆ કરતાં રહેજો કે આ બંને ઉપર તું એવી જ રીતે પોતાની કૃપા (રેહમત) વરસાવ જેવી રીતે એમણે મારૂં પાલન-પોષણ ક્યું હતું."

ઈમામ જાઅફર સાદિક (અ.સ.) એ ફરમાવ્યું છે કે "તમે જ્યારે પણ પોતાના માતા-પિતા તરફ જુઓ, તમારી દૃષ્ટિ દયા-કરૂણાં પ્રેમ અને નરમાશથી ભરેલી હોવી જોઈએ..... એમના અવાજ કરતાં તમારો અવાજ અને તેમના હાથ કરતાં તમારો હાથ કદીયે ઉંચો ન કરતાં....... અને કદીયે તેમનાથી આગળ ચાલશો પણ નહીં...."

આ વાતો ઉપરથી અમને એ જાણવા મળે છે કે આપણે હંમેશાં પોતાના માતા-પિતાની સેવા-ચાકરી કરવી જોઈએ. તેમની સાથે સારો વર્તાવ કરવો જોઈએ. તેઓ બિન મુસ્લિમ હોય તો પણ.

માતા-પિતાની સેવા-ચાકરીથી જ ખુદા-તેના રસૂલ અને ઈમામ રાજી થાય છે. અને જન્નત મળે છે કેમકે જન્નત તેમના કદમો નીચે જ છે અને તેમને નારાજ કરવા ખુદા-એના રસૂલ અને ઈમામને નારાજ કરવા બરાબર છે અને જાણે કોઈ જહન્નમ ખરીદતું હોય તેની બરાબર છે.





# શયતાનનો ઈન્ટરવ્યુ

(પ્રથમ હપ્તો)

એક દિવસ આપણાં વહાલા નબી (સ.અ.વ.) પોતાની મસ્જિદમાંથી બહાર આવ્યાં તો જોયું કે મસ્જિદના બારણે શયતાન ઉભો છે.

આપ સાહેબ (સ.અ.વ.) એ તેને ત્યાં જોઈને પૂછ્યું "અહિયાં કેમ ઉભો છે ?"

તેને કહ્યું "ખુદાએ મને અહિયાં આવવા માટે મજબૂર કર્યો છે. જેથી કરીને આપ (સ.અ.વ.) મને જે પ્રશ્નો પૂછો તેના હું આપને જવાબ આપું." તે પછી નબી (સ.અ.વ.) એ તેને કેટલાંક પ્રશ્નો પુછ્યાં અને શયતાને તેના જવાબો આપ્યાં.

**નબી (સ.અ.વ.) એ પુછયું :** તું એ કહે કે તું મારી ઉમ્મતના લોકોને "નમાઝે જમાઅત"થી કેમ અટકાવે છે ?

**તેણે કહ્યું :** એટલા માટે કે જ્યારે પણ આપની ઉમ્મતનો કોઈપણ વ્યક્તિ 'નમાઝ જમાઅત' પઢવાના હેતુથી ઘરની બહાર પગ મુકે છે ત્યારે મને સખ્ત તાવ ચઢી જાય છે. અને જ્યાં સુધી આપની ઉમ્મતની વ્યક્તિઓ છુટી નથી પડતી ત્યાં સુધી મારો તાવ ઉતરતો નથી.

**નબી. (સ.અ.વ.)એ આગળ પુછયું કે :** સારૂં ! તું એ બતાવ કે તું મારી ઉમ્મતના લોકોને વિદ્યા પ્રાપ્તિ અને દુઆ માંગવાથી કેમ અટકાવે છે ?

**શયતાન :** એટલા માટે કે આપની ઉમ્મતમાંથી જ્યારે પણ કોઈ વિદ્યા પ્રાપ્તિ (ધાર્મિક વિદ્યા) કરે છે કે દુઆ માંગે છે ત્યારે હું આંધળો અને બહેરો થઈ જાઉં છું અને જ્યાં સુધી તેઓ આ કામ મૂકી નથી દેતાં ત્યાં સુધી મારી આ સ્થિતિ જ રહે છે.



**નબી (સ.અ.વ.) એ ફરી પુછ્યુ :** તું એ જણાવ કે તું મારી ઉમ્મતના લોકોને કુરઆન (પઢવા અને યાદ કરવા) થી કેમ રોકે છે ?



E-mail : hadimasik@yahoo.com

શયતાન : એટલા માટે કે જ્યારે કોઈ કુરઆન પઢે છે કે તેને યાદ કરે છે ત્યારે એવું લાગે છે જાણે હું પિગળી રહ્યો છું.

નબી (સ.અ.વ.) એ ફરી પુછયું : હવે તું મને એ જણાવ કે તું મારી ઉમ્મતના લોકોને અલ્લાહના માર્ગમાં (અલ્લાહએ ચીંધેલા કાર્યો અંગે) પ્રયાસો કરવા અને મહેનત કરવાથી કેમ અટકાવે છે ?

શયતાન : એટલા માટે કે જ્યારે પણ કોઈ એ દિશામાં એક પગલું પણ ભરે છે કે તરત મારા પગમાં ફંદો નાંખી દેવામાં આવે છે અને જ્યાં સુધી તે વ્યક્તિ અલ્લાહે ચીંધેલ કામ કરતો રહે છે ત્યાં સુધી મારો પગ ફંદામાં રાખવામાં આવે છે.

નબી (સ.અ.વ.) એ ફરી પુછ્યું : તું એ બતાવ કે મારી ઉમ્મતના લોકોને હજ ઉપર જતાં કેમ અટકાવે છે.

શયતાને કહ્યું : જ્યારે કોઈ હજના ઈરાદાથી નીકળે છે ત્યારે મને સાંકળો વડે બાંધી દેવામાં આવે છે.

નબી (સ.અ.વ.) એ આગળ પુછ્યું : તું એ કહે કે તું મારી ઉમ્મતના લોકોને સદકો (ખૈરાત-દાન) આપવાથી કેમ અટકાવે છે ?

શયતાને જવાબ આપ્યો : જ્યારે કોઈ સદકો આપે છે-મને એવું લાગે છે જેવી રીતે લાકડાને કરવત વડે કાપવામાં આવે છે તેવી રીતે જાણે કોઈ મારા માથાને કરવત વડે કાપી રહ્યું છે.

આ વાર્તાલાપમાં બોધપાઠ લઈને આપણે :

(૧) પોતાની બધી નમાઝોને 'જમાઅત' સાથે જ પઢવી જોઈએ અને તે રીતે શયતાનને બીમાર રાખવો જોઈએ.

(૨) હંમેશાં વિદ્યા પ્રાપ્તિ અને દુઆઓમાં વ્યસ્ત રહેવું જોઈએ. જેથી કરીને શયતાનને આંધળો અને બહેરો કરી દેવાય.

(૩) હંમેશાં અલ્લાહે ચીંધેલા માર્ગે ચાલવું જોઈએ અને સારા કામો કરતાં રહેવું જોઈએ. જેથી કરીને શયતાનના પગ ફંદામાં બંધાએલાં રહે.

# ફાતેમા ઝહરા (સલા.) ની

# વિલાદત

આપણા વહાલા નબી (સ.અ.વ.) એ જ્યારે અરબસ્તાનની સૌથી ધનાઢ્ય નેક-ધાર્મિક પ્રકૃતિના ધર્મ પરાયણ મહાન આધ્યાત્મિક દરજ્જો ધરાવનાર સ્ત્રી સાથે લગ્ન કર્યા, ને કેટલાંક વરસો પસાર થઈ ગયાં તે પછી એક દિવસ નબી (સ.અ.વ.) એ પોતાના ધર્મપત્નિ ખદીજા (અ.સ.) ને કહ્યું "હે ખદીજા ! અલ્લાહના ફરિશ્તા જિબ્રઈલે મને એવી જાણકારી આપી છે કે હવે આપણે ત્યાં આ જે બાળક જન્મનાર છે તે પુત્રી છે. આ તમામ માઅસૂમ ઈમામોની મા પણ બનશે." છેવટે એ દિવસ પણ આવી પહોંચ્યો જ્યારે નબી (સ.અ.વ.) ના ઘરે એક મહાન દીકરી અવતરી.

★ આપની વિલાદત ૨૦ જમાદીયુસ્સાની સન પાંચ બઅસત માં (નબી.સ.અ.વ. એ પોતાની રિસાલતની જાહેરાત કરી તેના પાંચમાં વરસે) થઈ હતી.

★ આપની વિલાદત મક્કા શહેરમાં થઈ હતી.

★ આપનું અસલી નામ ફાતેમા બિન્તે મુહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) છે.

★ આપને સિદ્દીકા - તાહેરા - આબેદા - બતૂલ - અઝરા - ઝહરા - રાઝિયા - મર્ઝિયા - માદરે અઈમ્મા - કનીઝે ખુદા - હવરા - શેહઝાદીયે જન્નત - સરદારે ખ્વાતીન - ખાતૂને જન્નત - સરદારે ખ્વાતીને જન્નત વિગેરે વિશેષણોથી પણ યાદ કરવામાં આવે છે.

★ આપના બાબા - સમગ્ર સૃષ્ટિ (કાએનાત) ના સરદાર - નબીયોની શૃંખલાના અંતિમ નબી - સૌથી મહાન નબી મુહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) છે.

★ આપના માદરે ગિરામી (મહાન માતા) - હઝરત ખદીજા (અ.સ.)હતાં જે અરબસ્તાનના 'મલેકા' અને ઈસ્લામમાં પોતાની શ્રધ્ધા વ્યક્ત કરનાર (ઈમાન લાવનાર) પ્રથમ (સ્ત્રી) હતાં.

★ આપના જન્મ પછી અલ્લાહ- એજ આપનું નામ'ફાતેમા' રાખ્યું હતું.

★ આપના જન્મ સમયે જન્નતમાંથી ઘણી હૂરો આવી હતી અને આપને જન્નતનો પોશાક પહેરાવ્યો હતો.



E-mail : hadimasik@yahoo.com

- ★ આપના જન્મના પ્રસંગે ફરિશ્તાઓએ આવીને અલ્લાહની તરફથી અને પોતે પણ આપણાં નબી (સ.અ.વ.) ને સલામ કરી હતી અને મુબારકબાદીઓ પણ આપી હતી.
- ★ જ્યારે આપ પાંચ વરસના હતા ત્યારે આપના માદરે ગિરામી (મહાન મા) અને વહાલા કાકા અબૂતાલિબનું અવસાન થઈ ગયું હતું.
- ★ આપ જ્યારે આઠ વરસના હતા ત્યારે ઈમામ અલી (અ.સ.) અને કેટલીક અન્ય સ્ત્રીઓ સાથે મક્કાથી મદીના હિજરત કરીને આવ્યાં હતા.
- ★ આપ જ્યારે નવ કે દસ વરસના થયાં ત્યારે ખુદાના હુકમથી નબી (સ.અ.વ.) એ આપના લગ્ન ઈમામ અલી(અ.સ.) સાથે કરી દીધાં હતા.
- ★ આપના ઘરે સને ૩ હિજરીમાં પ્રથમ પુત્ર ઈમામ હસન(અ.સ.)ની વિલાદત (જન્મ) થઈ હતી.
- ★ આપના ઘરે સને ૪ હિજરીમાં બીજા પુત્ર ઈમામ હુસૈન (અ.સ.) ની વિલાદત થઈ હતી.
- ★ આપના પ્રથમ પુત્રી જનાબ ઝયનબ (સલા.)ની વિલાદત સને ૫ અથવા ૮ હિજરીમાં થઈ હતી.
- ★ જનાબ ઝયનબ (સલા.)ની વિલાદતના એક વરસ પછી આપની બીજી દીકરી 'ઉમ્મે કુલસૂમ' (સલા.)ની વિલાદત થઈ હતી.
- ★ આપ હંમેશા પોતાની સાથી સ્ત્રીઓને સારી બનવાની પ્રેરણાં આપતાં રહેતાં હતાં.
- ★ પોતાના ઘરના કામો આપ પોતે જાતે જ કરતાં હતાં.
- ★ આપ ગરીબો-દરિદ્રો અને અસહાય લોકોની મદદ કરતાં રહેતાં હતાં. પોતાને ત્યાં આવનારાઓને જમાડતાં હતા.
- ★ આપ ઘરની મુશ્કેલીઓની ફરિયાદ પોતાના બાબા અને પોતાના પતિને કદીયે કરતાં નહોતા.
- ★ આપના લગ્ન પછી આપનું પ્રથમ ઘર મદીનાથી ૮ કી.મી. ના અંતરે આવેલ 'મસ્જિદે કુબા' પાસે હતું. પરંતુ કેટલાંક દિવસો પછી આપના બાબાએ આપને બોલાવીને 'મસ્જિદે નબવી' પાસે - પોતાના ઘરની નજીક જ આપને ઘર અપાવી દીધું હતું.
- ★ આપ સૃષ્ટિ (કાએનાત) ની તમામ સ્ત્રીઓની સરદાર છે.



# હસો અને હસાવો

## ટુચકાઓ

એક ખૂબ જાડો અને લાંબો માણસ હાંફતા હાંફતાં એક દરજીની દુકાનમાં દાખલ થયો અને કહ્યું : મારું માપ લઈ લો.
દરજીએ ખૂબ મહેનત કરીને તે વ્યક્તિનું માપ લઈ લીધું અને કહ્યું :
ભાઈ શેરવાનીની સિલાઈ સો રૂપિયા થશે.
તે માણસે કહ્યું "હમણાં તો તમે ફોન ઉપર પચાસ રૂપિયા કહ્યાં હતાં ને ?"
દરજીએ પોતાનો પરસેવો લુછતા કહ્યું : હા - પચાસ રૂપિયા કહ્યા હતાં ખરાં, પરંતુ તે તો શેરવાનીની સિલાઈ માટે કહ્યાં હતાં. શામિયાણાંની સિલાઈના નહોતાં કીધા.



ચુંટણીનો એક ઉમેદવાર પોતાનું ઉમેદવારીપત્ર ભરી રહ્યો હતો. ઉમેદવારી પત્રના ફોર્મમાં એક પ્રશ્ન હતો : "તમારી ક્યારેય ધરપકડ થઈ છે ?"
તેણે તે પ્રશ્ન સામે લખ્યું : 'ના'
તે પછીનો પ્રશ્ન હતો "શા માટે ?"
તેણે જવાબમાં લખ્યું "એટલા માટે કે હું ક્યારેય પકડાઈ ગયો નથી."



એક માણસે તેના મિત્રોને જમવાનું આમંત્રણ આપ્યું. તેમના આવવાનો સમય થયો તો તે ફ્રેમ કરેલાં પિક્ચરો અને ફુલદાનીઓને સંતાડી દેવા લાગ્યો.
તેની પત્નિએ કહ્યું "અરે આ કેમ સંતાડી દઈ રહ્યાં છો ?
શું તમારા મિત્રો આ ચોરી જશે ?"
તેણે કહ્યું "ના, તેઓ ચોરી તો નહીં જાય. પરંતુ ઓળખી તો જરૂર જશે ને !"

એક ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાં ઘણી વખત સુધી આમતેમ ચક્કર કાપ્યાં છતાં પણ ગ્રાહકે કાંઈ ન ખરીદયું તો એક સેલ્સમેને પૂછયું
"ભાઈ ! તમારે શું જોઈએ છે ?"
તે માણસે કહ્યું "બસ. ફક્ત એક તક !"





E-mail : hadimasik@yahoo.com

# અલી. (અ.સ.)ના મહેમાન

એક વ્યક્તિ પોતાના પુત્રની સાથે હઝરત અલી (અ.સ.)નો મહેમાન થયો. હઝરત અલી (અ.સ.)એ તેનો ખૂબ આદર સત્કાર કર્યો અને પોતાની સભામાં ઉચ્ચ સ્થાને તેને બેસાડ્યો અને પોતે તેની સામે બેસી ગયાં. જમવાનો સમય થયો તો જમવાનું લાવવામાં આવ્યું. બધાં લોકો જમ્યાં. ખાધા પછી હઝરત અલી (અ.સ.)ના પ્રખ્યાત ગુલામ કમ્બર અતિથિઓના હાથ ધોવડાવવા માટે ટુવાલ, વાસણ અને લોટો (નાળચાવાળો કળસિયો) લાવ્યાં. હઝરત અલી (અ.સ.)એ કમ્બર પાસેથી તે વસ્તુઓ લઈ લીધી અને આગળ વધ્યાં કે પોતે જ મહેમાનોના હાથ ધોવડાવે. મહેમાને પોતાના હાથ પાછા ખેંચી લીધા અને અરજ કરી "આપ મારા હાથ ધોવડાવો તે યોગ્ય નથી." હઝરત અલી (અ.સ.)એ ફરમાવ્યું "તમારો યજમાન તમારા જેવો જ છે અને તમારી સેવાનું માન મેળવવા માંગે છે કે જેથી કરીને ખુદા મને તેનો બદલો આપે. તો પછી તમે કેમ નથી ઈચ્છતાં હું આ સવાબનો હકદાર બનું " તેમ છતાં પેલી વ્યક્તિ રાજી થયો નહીં. છેવટે હઝરત અલી (અ.સ.) એ તેને સોગંદ આપ્યાં કે હું એક મોમિન ભાઈની સેવાનો માન-મરતબો લેવા ઈચ્છું છું. તેથી હવે મને અટકાવતાં નહીં, તેથી તે વ્યક્તિ ઘણો શરમાઈને રાજી થયો. હઝરત અલી (અ.સ.) એ ફરમાવ્યું : "ભાઈ ! કમ્બર તમારા હાથ ધોવડાવે ત્યારે તમે જે રીતે તમારા હાથ ધોયા હોત તે રીતે જ તમારા હાથ ધોજો ! તેમાં શરમ કે સંકોચ રાખશો નહીં." આપ (અ.સ.) જેવા તે મહેમાનના હાથ ધોવડાવી ચુક્યાં કે તરત જ પોતાના પુત્ર મુહમ્મદ હનફીયાને કહ્યું "દીકરા ! આ વ્યક્તિના પુત્રના હાથ તમે ધોવડાવો. કારણ કે હું તમારો પિતા છું તેથી મેં આના પિતાના હાથ ધોવડાવ્યાં છે અને તમે મારા દીકરા છો તેથી તમે આના દીકરાના હાથ ધોવડાવો. જો પુત્ર પિતાની સાથે ન આવ્યો હોત અને ફક્ત પુત્ર મારો મહેમાન થયો હોત તો હું પોતે જ આના (પુત્રના) હાથ ધોવડાવત ! કેમ કે ખુદા ઈચ્છે છે કે જ્યાં પિતા-પુત્ર બંને સાથે હોય ત્યાં બંનેને આપવામાં આવતાં આદરમાં ફરક રાખવો જોઈએ." મુહમ્મદે હન્ફીયાએ પોતાના પિતાની આજ્ઞા મુજબ તે મહેમાનના દીકરાના હાથ ધોવડાવ્યાં.

હઝરત ઈમામ હસન અસ્કરી (અ.સ.)એ આ પ્રસંગ વર્ણવીને ફરમાવ્યું છે કે "અમારા સાચા શીઆઓએ આવા જ બનવું જોઈએ."





# સિદ્દીક-એ-તાહેરા (સ.અ.)

વહાલા બાળકો !

સૌ પ્રથમ અમે આપ તમામ બાળકોની સેવામાં હઝરત ઝહરા (સલા.)ની શહાદતના પ્રસંગે શોક પ્રગટ કરીએ છીએ. આ દુઃખદ પ્રસંગે એ જાણવું જરૂરી છે કે બિન્તે નબી (સલા) એ પોતાનું જીવન કેવી રીતે વિતાવ્યું હતું. ઈસ્લામ માટે તેમણે કેવા કેવા દુઃખ વેઠયાં હતાં. તેમની સાથે કેવું વર્તન કરવામાં આવ્યું હતું અને તેમની શહાદત કયા સંજોગોમાં થઈ હતી.

હઝરત ઝહરા (સલા.)ની વિલાદત બઅસતના પાંચમા વરસે થઈ હતી. અને શહાદત વખતે આપની વય ૧૮ વરસ ૭૫ દિવસની હતી. બાળપણમાં આપે કુરૈશ દ્વારા મુસલમાનો ઉપર કરવામાં આવતાં અત્યાચારો જોયાં હતાં. અને ઘણી કઠણાઈઓ વેઠી હતી. પોતાની માતા અને નબી (સ.અ.વ.)ના કાકા જનાબ અબૂતાલિબ (અ.સ.)ની વફાત પછી (આ વરસને નબી સ.અ.વ.એ 'આમુલ હુઝન' - 'દુઃખોનું વરસ' જાહેર કર્યું હતું.) નબી (સ.અ.વ.) સાથે આપે પણ મક્કાથી મદીના હિજરત (સ્થળાંતર) કરી હતી. હિજરતના સમયે આપની ઉમરશરીફ ૮ વરસ હતી. આપે નબીના જીવનમાં એક કેંદ્રિય રોલ અદા કર્યો હતો. આપ નબી (સ.અ.વ.) ના દુઃખ દર્દને હળવા કરવા પ્રયત્ન કરતાં રહેતા હતાં. તેમના ઘાવોની મલમપટ્ટી કરતાં હતાં. આપે પોતાના પિતા (સ.અ.વ.)ની સેવા ચાકરી એટલી હદ સુધી કરી કે નબી (સ.અ.વ.) એ આપને 'ઉમ્મે અબીહા' એવું ઉપનામ(લકબ) આપ્યું હતું. નબી (સ.અ.વ.) આપને કેટલું માન આપતાં હતાં એ જાણવા માટે એટલું જ જાણી લેવું પૂરતું છે કે આપ જ્યારે પણ નબી (સ.અ.વ.)ની સભામાં જતાં ત્યારે નબી (સ.અ.વ.) પોતે ઉભા થઈને આપનું સ્વાગત કરતાં હતાં. અને પોતાની જગ્યાએ બેસાડતા હતાં. નબી (સ.અ.વ.) જ્યારે પ્રવાસમાં જતાં ત્યારે સૌથી છેલ્લે આપને મળતાં હતાં. અને જ્યારે પ્રવાસમાંથી પરત આવતાં ત્યારે મસ્જિદમાં જઈને બે રકઅત નમાઝ અદા કર્યા પછી સૌથી પહેલાં જનાબ ફાતેમા (સલા.)ને ઘેર જતાં હતાં.



એક વ્યક્તિએ નબીને પુછયુ "આપે ફાતેમા (સલા.) નું નામ ફાતેમા કેમ રાખ્યું છે ?" આપે ફરમાવ્યું કે "અલ્લાહે ફાતેમા (સલા)અને તેમના અનુયાયીઓને જહન્નમથી સુરક્ષિત રાખ્યાં છે."

ઘણાં સહાબીઓએ આપના માટે માંગા મોકલ્યાં હતાં. પરંતુ નબી (સ.અ.વ.)એ ફરમાવ્યું કે 'અલ્લાહના હુકમની રાહ જોઉં છું.' જ્યારે અલી



E-mail : hadimasik@yahoo.com



(અ.સ.) એ માંગુ મોકલ્યું ત્યારે જિબ્રઈલ અ.સ. આવ્યાં અને ખુશખબર આપ્યાં કે ‘અલ્લાહે સલાતો-સલામ પછી ફરમાવ્યું છે કે નૂરનો સંબંધ (રિશ્તો) નૂર સાથે છે. મેં ફાતેમા (સલા.)ને અલી(અ.સ.)ના પત્નિત્વમાં આપ્યાં છે.’

પયગમ્બર સાહેબ (સ.અ.વ.)ની વફાત પછી જનાબ ફાતેમા સલા. ઉપર દુઃખના પહાડ તૂટી પડ્યાં હતાં. ઉમ્મત તદ્દન બદલાઈ ગઈ હતી. નબી (સ.અ.વ.) જે ફરમાવીને ગયાં હતાં. ઉમ્મતે તે બધુ ભુલાવી દીધું હતું. અને નબીની વસીયતને પણ ભૂલી ગયાં હતાં. હઝરત ઝહરા (સલા.)ના આદરને કોરાણે મૂકી દેવામાં આવ્યો. આપના પતિ પાસેથી તેમનો ‘ખિલાફત’ નો અધિકાર ઝૂંટવી લેવામાં આવ્યો હતો. આપને રસૂલ (સ.અ.વ.) એ ‘બાગે ફિદક’ નામની જાગીર આપી હતી તે પણ બળજબરીથી જપ્ત કરી લેવામાં આવી હતી. જાણે આટલું પૂરતું ન હોય તેમ એક દિવસ આપના ઘરના બારણે આગ અને લાકડાં લઈ જવામાં આવ્યાં હતાં. કોઈએ કહ્યું કે ‘આ ઘરમાં તો નબી (સ.અ.વ.) ની વહાલી દીકરી ફાતેમા છે’ ત્યારે બીજા ખલીફાએ કહ્યું હતું કે કોઈપણ કેમ ન હોય ઘરને આગ લગાડી દો અને ઘરના બારણાંને આગ લગાડી દેવામાં આવી હતી. બારણાંની પાછળ હઝરત ઝહરા હતાં. બળતા બારણાંને જોરથી ધક્કો મારવામાં આવ્યો તો બારણાંના ખીલા આપની છાતીમાં પેસી ગયાં હતાં અને પાંસળીઓ તૂટી ગઈ હતી અને જનાબ મોહસિન શહીદ થઈ ગયાં હતા. આમ હઝરત ઝહરાને એટલા ઘાયલ કરવામાં આવ્યાં કે તે ઘાવ ભરાયાં જ નહીં અને છેવટે ૩જી જમાદીયુસ્સાનીના દિવસે આપની શહાદત થઈ ગઈ હતી.

આપે મૌલાએ કાએનાત (અ.સ.)ને વસીયત કરી હતી કે ‘હે અલી મારૂં ગુસ્લ અને કફન આપ જ કરજો અને મને રાત્રે જ દફન કરજો અને જે લોકોએ મારા ઉપર અત્યાચારો ગુજાર્યા છે તેમને મારા જનાઝામાં શામેલ થવા દેજો નહીં.’

વસીયત પ્રમાણે જ રાતના અંધકારમાં જ. અલી (અ.સ.), હસનૈન (અ.સ.) એ કેટલાંક અસહાબને સાથે રાખીને જનાઝો ઉપાડ્યો હતો અને રાત્રે જ આપને દફન કરી દેવામાં આવ્યાં હતાં અને કબરનું નિશાન પણ રહેવા દીધું નહોતું.



# આર્ટગેલેરી



## ان احسنتم لانفسكم ان أساتم فلها

**જો નેકી કરશો તો તેનો ફાયદો તમને મળશે અને જો બુરાઈ કરશો તો તેનું પરીણામ પણ તમને જ મળશે.**

વહાલા બાળકો,
અહીં આપેલ ચિત્રમાં સુંદર મજાના મનગમતા રંગ પૂરો અથવા તો બાજુમાં જણાવેલ નમૂના મુજબના રંગ પૂરી શકો છો. જેથી આખુ ચિત્ર ખૂબ જ સુંદર લાગશે.



# બાળકોની ડાયરી

વહાલા બાળકો,
આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



તાબીશ મહદી જલાલી, ખંભાત.



વસીમ રઝા રિઝવી, અમદાવાદ.





મોહમ્મદઅલી મીન્હાઝહુસૈન ખૂંટ, જુહાપુરા, અમદાવાદ.

# જમાદીયુસ્સાની માસની

## તારીખવાર ઘટનાઓ

આવો આ માસની ખાસ-ખાસ ઐતિહાસિક ઘટનાઓ વિષે જાણીએ અને પછી તે જાણકારી બીજાઓને પણ આપીએ.

**૩ જમાદીયુસ્સાની** : મોટા ભાગના વિદ્વાનો (ઉલેમા)એ આજના દિવસને હઝરત ફાતેમા ઝહરા (સલા.)ની શહાદતનો દિવસ જણાવ્યો છે. આપની શહાદત ઘણાં જ કષ્ટદાયક પ્રસંગો પછી - કષ્ટદાયક પરિસ્થિતિમાં થઈ હતી. આપને તદ્દન ગુપ્ત રીતે દફન કરવામાં આવ્યાં હતાં. આપની શહાદત સન ૧૧ હિજરીમાં આપના બાબાની વફાતના ૯૫ દિવસ પછી થઈ હતી.

**૪ જમાદીયુસ્સાની** : સને ૧૨૩ હિજરીમાં એક સૌથી મોટા અત્યાચારી અને જુલ્મી વ્યક્તિ - હારૂનુર્શીદ (હારૂન-રશીદ)નું મૃત્યુ થયું હતું. તેણે આપણાં સાતમા ઈમામ(અ.સ.)ને ઝેર આપીને શહીદ કરાવ્યાં હતાં અને અહલેબૈત(અ.સ.)ના ઘણાં ચાહકોને કષ્ટદાયક રીતે શહીદ કરાવ્યાં હતાં.

**૧૨ જમાદીયુસ્સાની** : આજના દિવસે આપણાં નબીયે અકરમ(સ.અ.વ.) સન ૭ હિજરીમાં ખયબર નામની જગ્યાએ ૪૦૦ મુસ્લિમોના સૈન્ય સાથે ગયાં હતાં. જ્યાં લડાઈ થઈ હતી અને આપણાં પહેલા ઈમામ અલી (અ.સ.)ની શૂરવીરતાને કારણે મુસ્લિમોએ લડાઈ જીતી લીધી હતી.

**૧૩ જમાદીયુસ્સાની** : સને ૬૪ હિજરીમાં આજના દિવસે આપણાં નાના આકા (છોટે-આકા) જનાબ અબ્બાસ (અ.સ.) અલમદારે કરબલાની માદરે ગિરામી (માં) ઉમ્મુલ બનીન (અલયહિસ્સલામ)ની વફાત થઈ હતી. આપ આપણાં પહેલા ઈમામના પત્નિ હતાં. આપનું અસલી નામ 'ફાતેમા' હતું. જનાબ અબ્બાસ



E-mail : hadimasik@yahoo.com

ઉપરાંત તેમને અબ્દુલ્લાહ - જાઅફર અને ઉસ્માન નામના ત્રણ બીજા પુત્રો પણ હતાં. જે બધાં જ કરબલામાં ઈમામ હુસૈન (અ.સ.)ની સાથે શહીદ થયાં હતાં.

૧૯ જમાદીયુસ્સાની : આજના દિવસે આપણાં નબી-યે-કરીમ (સ.અ.વ.)ના (પિતા) અને વાલિદએ ગિરામી (માતા)ના લગ્ન થયાં હતાં.

૨૦ જમાદીયુસ્સાની : આજ દિવસે આપણાં નબી (સ.અ.વ.) ના વહાલા દીકરી હઝરત ફાતેમા ઝહરા (સલા.)ની મુબારક વિલાદત (જન્મ) થઈ હતી. આપનો જન્મ આપણાં નબી (સ.અ.વ.) ની નબૂવ્વતની જાહેરાતના પાંચ વરસ પછી થયો હતો.

૨૧ જમાદીયુસ્સાની : આજના દિવસે ઈમામ અલી (અ.સ.)અને હઝરત ફાતેમા ઝહરા (અલ.) ની જેમને અનેક યાતનાઓ પહોંચાડવામાં આવી હતી તેવી દીકરી - જનાબ ઝયનબ (સલા.) અને ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.)ની બહેન જનાબ ઉમ્મે કુલસૂમ(સલા.)ની વફાત (અવસાન) થઈ હતી. કરબલા - સિરીયા અને કૂફામાં હજારો યાતનાઓ ભોગવ્યા પછી જ્યારે કરબલાના બંદીઓ મદીના શહેર પાછા ફર્યા, તેને ચાર મહીના પસાર થયાં પછી આપની વફાત (અવસાન) થઈ હતી.

૨૯ જમાદીયુસ્સાની : સને ૨૫૨ હિજરીમાં આજના દિવસે આપણાં દસમાં ઈમામ(અ.સ.)ના ફરઝન્દ જનાબ મુહમ્મદની ‘સામરાઅ’ માં શહાદત થઈ હતી. આપના અન્ય નામો અબૂ જાઅફર અને અબૂ અલી પણ છે.

વહાલા બાળકો ! ચાલો આ તમામ પ્રસંગોને ઝટ-ઝટ યાદ કરી લો. અમે તમને આ બાબતો અંગે પ્રશ્નો કરીશું અને તમે તેના ખરા જવાબો લખીને તમારા ‘હાદી’ માસિકને અવશ્ય મોકલી આપશો.



# હઝરત ઝહરા(સલા.)-
# ઈમામ ખુમૈની (રહે.)ની દ્રષ્ટિએ

૨૦ જમાદીયુસ્સાની એ સન્નારીની વિલાદતનો દિવસ છે કે જે ઈતિહાસના ચમત્કારો (મોઅજિઝા) માંથી એક છે – અને જે તમામ સૃષ્ટિ માટે ગર્વ લાયક છે. જેના ઉપર તમામ સૃષ્ટિ ગર્વ કરે છે. એ સન્નારી કે જે 'ખાનદાને વહી' માટે પણ ગર્વને લાયક છે. જે ઈસ્લામના આકાશમાં સૂર્યની જેમ પ્રકાશિત છે અને ઈસ્લામનો ઈતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે આ નવજાત શિશુનો નબીયે કરીમ(સ.અ.વ.) ઘણો જ આદર કરતાં હતાં.

સ્ત્રીઓ માટે પણ એ ગર્વની બાબત છે કે તેમના જન્મ દિવસને 'વિશ્વ સ્ત્રી દિન' (યવ્મે ખ્વાતીન) તરીકે જાહેર કરવામાં આવેલ છે. આ ફક્ત ગર્વની જ વાત નથી પરંતુ પોતાના ઉત્તરદાયિત્વને સમજવાનો પણ દિવસ છે.

આપની 'બા બરકત હસ્તી' માનવતાના તમામ ગુણોનું કેન્દ્ર છે. એ વિશિષ્ટતાઓ અને ગુણો કે જેની એક મનુષ્યમાં ખાસ કરીને એક સ્ત્રીમાં કલ્પના કરી શકાય તે તમામ વિશિષ્ટતાઓ અને ગુણો આપની જાતમાં કેન્દ્રિત થએલાં છે.

આપનું નૂર માનવસર્જન કરતાં પણ પહેલા સર્જાયું હતું. રિવાયતોમાં આવ્યું છે કે નબીયે કરીમ(સ.અ.વ.) અને તમામ માઅસૂમીન (અ.સ.)ના નૂરનું સૃષ્ટિના સર્જન કરતાં પણ પહેલા સર્જન કરવામાં આવ્યું હતું. અને અલ્લાહની દ્રષ્ટિમાં તેમના દરજ્જાઓ ઘણાં મહાન છે અને આવી રીતે હઝરત ઝહરા સલામુલ્લાહે અલયહાને પણ આ મહાન દરજ્જો પ્રાપ્ત થએલ છે. હઝરતે ઝહરા (સલા.) દેવલોક (આલમે મલકૂત) ની હસ્તી છે કે જેમને મનુષ્યના સ્વરૂપમાં મોકલવામાં આવ્યા હતાં અને એ કહવું પણ અસ્થાને નહીં ગણાય કે તે 'ઈલાહી મખ્લૂક' છે કે જેમને સ્ત્રી સ્વરૂપે અલ્લાહે પૃથ્વી ઉપર ઉતાર્યા હતાં. તેમનામાં દેવલોકીય (મલકૂતી) અને ઈશ્વરીય (ઈલાહી) બંને ગુણો દ્રષ્ટિમાન થાય છે.

૨૦ જમાદુસ્સાનીના દિવસે એ હસ્તીએ આ પૃથ્વી ઉપર પદાર્પણ કર્યુ કે જેમનામાં સઘળા અંબિયા અ.સ. ની વિશિષ્ટતાઓ એકત્રિત થએલી હતી.

નમાઝ પછીની દુઆઓ (તાઅકીબાતે નમાઝ)માં 'તસ્બીહે હઝરત ઝહરા' પણ છે. જે રસૂલે ખુદા (સ.અ.વ.)એ ફાતેમાં ઝહરા (સલા.)ને અતા ફરમાવી હતી. ઈમામ જાઅફરે સાદિક (અ.સ.) થી રિવાયત છે કે હું નમાઝ પછીની તમામ દુઆઓ (તાઅકીબાત)માં 'તસ્બીહે ઝહરા (સલા.)' ને એક હજાર રકઅત (નિફલ) નમાઝ કરતાં વધારે પસંદ કરૂં છું. (વધારે અફઝલ છે)





E-mail : hadimasik@yahoo.com



હું હઝરત ઝહરા (સલા.) વિશે કાંઇ બ્યાન કરી શકું તેમ નથી. કાફી (પુસ્તકનું નામ)માં રિવાયત છે કે હઝરત ઈમામ સાદિક (અ.સ.) એ ફરમાવ્યું છે કે હઝરત ઝહરા (સલા.) પોતાના પિતા (નબીયે અકરમ) ની વફાત પછી ૭૫ દિવસ જિવિત રહ્યાં હતાં. આ સમયગાળામાં આપ અત્યંત શોકગ્રસ્ત રહેતાં હતાં. જિબ્રઈલ (અલ્લાહનો એક મહાન ફરિશ્તો) આપની સેવામાં સતત આવતાં રહેતાં હતાં અને શોક વ્યક્ત કરતાં અને સાંત્વના પણ આપતાં રહેતા હતા અને ભવિષ્યમાં થનાર ઘટનાઓથી પણ આપને વાકેફ કરતાં રહેતાં હતાં.

આ રિવાયતથી એ હકીકત જાહેર થાય છે કે જિબ્રઈલ જેવા મહાન ફરિશ્તાની જનાબે ઝહરા (સલા.)ને ઘેર ઘણી અવરજવર હતી. હું એ બાબતની કલ્પના પણ નથી કરી શકતો કે જિબ્રઈલ ફરિશ્તો મહાન અંબિયાઓ સિવાય બીજા કોઇને ઘેર આવી રીતે ગયાં હોય. જિબ્રઈલે અમીનનું કોઇને ત્યાં આવી રીતે જવું કોઇ નાની સૂની કે સામાન્ય વાત ન ગણાય અને એ તો વિચારી પણ ન શકાય કે જિબ્રઈલ દરેકને ત્યાં આવતાં હતાં.

ફાતેમા (સલા.)નું આ નાનકડું મકાન અને તેમાં જેમનો ઉછેર થતો હતો તે ચાર-પાંચ વ્યક્તિઓએ તમામમાં ખુદાની કુદરત દષ્ટિગોચર થાય છે. તેમણે એવા કાર્યો કર્યા છે જેનાથી હું અને આપ જ નહીં પરંતુ પૂરું માનવવિશ્વ આશ્ચર્યચકિત છે.

તે સન્નારી એ એક નાનકડા મકાનમાં એવી વ્યક્તિઓનો ઉછેર કર્યો, જેમના પ્રકાશના કિરણો પૃથ્વીથી આકાશ અને આલોકથી પરલોક સુધી ફેલાએલાં છે.

સલામ એ નાનકડા ઓરડા પર ! જેમાં ખુદાની મહાનતાનો પ્રકાશ દષ્ટિગોચર થાય છે અને જે આદમના સર્વશ્રેષ્ઠ સંતાનોનું ઉછેર કેન્દ્ર છે.

એ સન્નારી કે જેની પુત્રીએ અત્યંત ધૃષ્ટ અને અત્યાચારી શાસકની આંખોમાં આંખો પરોવીને એ ભાષણ આપ્યું કે જેનાથી શાસનના પાયા હચમચી ગયાં.

આપણાં માટે જરૂરી છે કે આપણે હઝરત ઝહરા સલા.નું અનુકરણ – અનુસરણ કરીએ અને ઈસ્લામના કાનૂનને આપ (સલા.) અને આપના સંતાનો પાસેથી મેળવીએ અને પોતાની જાતને આપ (સલા.)ના ચરિત્રમાં ઢાળી દઈએ.

જો કોઈ એવો દિવસ હોય કે જે 'વિશ્વ સ્ત્રી દિવસ' કહેવા લાયક ગણાવો જોઈએ તો હઝરત ઝહરા (સલા.)ના જન્મદિનથી વધારે શ્રેષ્ઠ બીજો કોઈ દિવસ નથી.

એ સન્નારી કે જેમની વિશિષ્ટતાઓ વિશે કેટલુંયે લખો કે બ્યાન કરો તો પણ તેમની વિશિષ્ટતાઓનો હક અદા થઈ શકતો નથી.





# અહલેબૈત (અ.સ.) સાથે તમસ્સુક ઈમામ ખુમૈનીના વસીયતનામા માં

(શબ્દ વિસ્તાર - તમસ્સુક - કોઈની સાથે જોડાઈને રહેવું કે વળગી રહેવું તે)

પવિત્રતાના ઘરાનાના પ્રકાશિત દીપ હઝરત ઈમામ ખુમૈની (રહ.) કે જેમની જ્યોતિએ ઈસ્લામી વિશ્વને પ્રકાશમય કર્યો છે તેમણે પોતાની આ સફળતાને અહલેબૈત અલયહેમુસ્સલામની ઋણી ગણી છે.

તેથી આપે જ્યારે વસીયત ફરમાવી તો વસીયતની શરૂઆત જ હદીસે સકલૈનથી કરી છે અને પછી તે હદીસના પ્રકાશમાં પોતાના વસીયતનામાને શણગાર્યો છે. આપ જ્યારે હદીસે સકલૈનના અર્થ અને ગુઢાર્થો વર્ણવી ચુકયાં તો આપે અહલેબૈયત (અ.સ.)ના પાલવને વળગી રહેવાની બાબતને પોતાના માટે અને દરેક માનવી માટે ગર્વસમાન ગણાવી છે.

તેથી આપ પોતાના વસીયતનામામાં એવી રીતે લખે છે કે :-

૧. અમને ગર્વ છે કે આપણી કૌમ અને મિલ્લત - ઈસ્લામ અને કુરઆન સાથે સંકળાયેલ છે અને આપણે એવા ધર્મના અનુયાયીઓ છીએ કે જેના કુરઆનની હકીકતો બધાં મુસલમાનો વચ્ચે એકતાનો પાઠ ભણાવે છે.

૨. અમને ગર્વ છે કે આપણે એ ધર્મના અનુયાયીઓ છીએ કે જેનો પાયો રસૂલે ખુદા (સ.અ.વ)એ ખુદાની આજ્ઞાથી નાંખ્યો હતો અને મૌલાએ કાએનાત (અ.સ.)એ રસૂલે ખુદાનું અનુસરણ કરી એવા વાતાવરણનું સર્જન કર્યુ કે જેનાથી જગત અવળે માર્ગે જવાથી અને અંધકારમય થવાથી બચી ગયું.

૩. અમને ગર્વ છે કે આપણી પાસે 'નહજુલ બલાગાહ' જેવું મહાન પુસ્તક છે જે કુરઆને હકીમ પછી જીવનની તમામ સમસ્યાઓના ઉકેલ ધરાવે છે અને મનુષ્યને મુસીબતોથી રક્ષિત રાખવાની ચાવી છે.


E-mail : hadimasik@yahoo.com

૪. અમને ગર્વ છે અઈમ્મએ માઅસૂમીન (અલ.) હઝરત અલી-ઈબ્ને-અબીતાલિબ(અ.સ.)થી લઈને ઈમામે ઝમાના (અજ.) સુધી તમામ ઉપર જે પૈકી ઈમામે ઝમાના (અજ.) ખુદાની કુદરતથી જિવિત છે અને આપણી તમામ બાબતોની દેખરેખ રાખે છે.

૫. અમને ગર્વ છે આપણાં અઈમ્મએ તાહેરીન (અ.સ.) થી કહેવાએલી એ દુઆઓ ઉપર જે મનુષ્યો માટે જીવનદાતા અને જીવનને પ્રકાશમય કરનારી છે.

૬. અમને ગર્વ છે શાઅબાનની મુનાજાત - દુઆએ અરફા, સહીફએ સજ્જાદિયાહ (અ.સ.) અને સહીફએ ફાતેમા ઝહરા (સલા.) ઉપર-કે જે અમારા અઈમ્માથી મન્કૂલ (કહેવાએલી) છે અને જે ખુદાવન્દે આલમ તરફથી ઈલ્હામ થએલી છે. (ઈલ્હામઃ ખુદા તરફથી કોઈ વાત કોઈના દિલમાં ઉતરી આવવી તે.)

૭. અમને ગર્વ છે કે આપણે બાકિરૂલ ઉલૂમ(અ.સ.) તેમના અનૂયાયીઓ છીએ - કે જેમનું વ્યક્તિત્વ અને દરજ્જા ને અલ્લાહ-રસૂલે ઈસ્લામ અને અઈમ્મએ માઅસૂમીન (અ.સ.) સિવાય ન તો કોઈ સમજી શક્યો છે કે ન તો કોઈ સમજી શકે તેમ છે.

૮. અમને ગર્વ છે કે આપણે જાઅફરી મઝહબના અનુયાયીઓ છીએ કે જેની ફિકહ (શરીઅતનો કાનૂન) એક અગાઢ સમુદ્ર છે કે જે તેમના (માઅસૂમીન અ.સ.ના) બા બરકત વારસામાંથી એક છે.

૯. અમને ગર્વ છે કે આપણી સ્ત્રીઓ - યુવાનો - નાના મોટા સર્વે જગતના દરેક ક્ષેત્રમાં પોતાની સર્વોપરિતા સ્થાપી રહ્યાં છે અને જેઓ પોતાની સફળતાનું રહસ્ય 'આલે મુહમ્મદ' ના શિક્ષણમાં છે તેવું જણાવે છે.

૧૦. આપણાં માટે એનાથી મોટી ગર્વની વાત શું હોઈ શકે છે કે અમેરિકા જેવો દેશ પોતાના તમામ દાવાઓ અને અઢળક શસ્ત્ર સરંજામ અને ગણી ગણાય નહીં તેટલી સમૃધ્ધિ છતાંયે આપણાં સમક્ષ બે આબરૂ - ધિક્કારપાત્ર અને બદનામ છે. આ પરવરદિગારની ગેબી મદદ માત્રને કારણે છે કે આપણે માથું ઉંચું રાખી શક્યાં છીએ.

૧૧. આપ ફરમાવે છે કે હું કોમોને વસીયત કરૂં છું કે પશ્ચિમ કે પૂર્વ કોઈના પણ ખોળામાં જઈને બેસે નહીં. (કોઈની સાથે પણ જોડાણ કરે નહીં) સીધા (સત્યના) માર્ગે ચાલે. તેમાં જ આપણી સફળતા અને સઆદત છે.



૧૨. આપણી પાસે જુમ્આની નમાઝ જેવી મહાન નેઅમત અને સૈયદુશ્શોહદાની અઝાદારી જેવો જીવનનો મહાન વસીલો મોજુદ છે. આપણે તેના પ્રત્યે બેદરકારી દેખાડવી જોઈએ નહીં.



# ઈમામ ખુમૈની (રહે.)ની વિશિષ્ટતાઓ

**વ્યવસ્થા શક્તિ :**

તેમના નજીકની વ્યક્તિઓ જણાવે છે કે આપ પોતાના તમામ કાર્યોમાં ખૂબ જ વ્યવસ્થિત રહેતા હતા અને ક્યારે શુ કરવાનું છે તે તદ્દન નિશ્ચિત રહેતું હતું અને તેમના તે કાર્યને જોઈને જ અમે કેટલા વાગ્યાં છે તે જાણી લેતાં હતાં.

એક પ્રસંગ તેમની સમય પાલનની ચીવટ દર્શાવે છે. એક વખત તેમના ઘરનો નળ બગડી ગયો હતો. કારીગરને ફોન કરીને સવારે ૮ વાગે આવી જવાનું જણાવવામાં આવ્યું. બીજા દિવસે કારીગર સવારે ૮ વાગીને પાંચ મિનિટે તેમના ઘરે પહોંચ્યો. તો આપે ફરમાવ્યું - હવે કાલે સવારે ૮ વાગે આવજો. ૮ વાગ્યાનું કહ્યું હતું તે સમય આજે પૂરો થઈ ગયો છે.

**સાદગી - સાદી જીવન શૈલી :**

ઈરાકમાં ગરમી ઘણી સખત પડે છે. પરંતુ આપના ઘરમાં રેફ્રીજરેટર નહોતું તેથી ખાવાનું બગડી ન જાય તે માટે ભોંયરામાં (જમીનની અંદર જે ઓરડો હોય છે તે) રાખવામાં આવતું હતું. ઉપરના ઓરડા કરતાં ભોંયરામાં ગરમી ઓછી રહેતી હતી. એક દિવસે આપની પુત્રીએ કહ્યું કે એક ફ્રીજ ખરીદી લઈએ. આપે ફરમાવ્યું : મારી પાસે તો એટલા પૈસા નથી, તમારી પાસે હોય તો તમે જ ખરીદી લો.



**અન્યોને આદર :**

આપ જ્યાં પોતાની સમસ્યાઓમાં સાદગી અને જેટલુ મળે તેનાથી ચલાવી લેવામાં માનતાં હતાં ત્યાં બીજાઓ પ્રત્યે પૂરો આદર વ્યક્ત કરતાં હતાં. બીજાઓનો પૂરતો ખ્યાલ રાખતાં હતાં. તેથી કોઈપણ વ્યક્તિ તેમના બારણે આવે ત્યારે આપ તેને પૂરો આદર-



E-mail : hadimasik@yahoo.com



સત્કાર આપતાં હતાં. અને આપને એ જરાયે પસંદ નહોતું કે કોઈ તેમને ત્યાં આવે અને તેને ચા થી પણ સત્કારવામાં ન આવે. અને એ બાબતનું પણ આપ ધ્યાન રાખતાં હતાં કે દરેકને પૂરા આદર સાથે ચા આપવામાં આવે.

### વહાલ અને કૃપા :

આપના વહાલની બાબતે પ્રખ્યાત છે કે આપ બાળકોને અનહદ પ્રેમ કરતાં હતાં.

એક દિવસ આપના સાઢુભાઈ પોતાના બાળક સાથે આપની સેવામાં હાજર થયાં ત્યારે ઈમામ કેટલાંક કાગળો એક બેગમાંથી કાઢી રહ્યાં હતાં અને વાંચીને કેટલાંક કાગળોને એક બાજુ રાખી દેતાં હતા અને કેટલાંક જરૂરી કાગળોને નીચે મૂકી દેતા હતા કે તેના ઉપર પાછળથી કાર્યવાહી કરવામાં આવે.



તેમણે બાળકને જોઈને પોતાની પાસે બોલાવ્યો અને તેની સાથે વાતો કરવા લાગ્યાં. તેમના સાઢુભાઈએ ઈમામનો સમય ન બગડે તે માટે જવાની રજા માંગી ત્યારે ઈમામે ફરમાવ્યું : ‘તમારે જવું હોય તો જાવ, આ બાળકને મારી પાસે રહેવા દો’

### ધૈર્ય અને શાંતિ :

આપ સખ્તમાં સખ્ત સ્થિતિમાં પણ ક્યારેય દુઃખી થતાં નહોતાં. એવા અસંખ્ય પ્રસંગો છે કે જેમાં એક સામાન્ય વ્યક્તિ ધીરજ ગુમાવી બેસે પરંતુ તેઓ એવી સ્થિતિઓમાં પણ ઘણાં જ ધૈર્ય અને શાંતિથી સખ્તમાં સખ્ત ફેસલા લઈ શકતાં હતાં.

આપના પુત્ર અહમદ ખુમૈની (રહે) જણાવે છે કે જ્યારે શહીદ મુસ્તફા ખુમૈની (રહે) (આપના મોટા પુત્ર)ના શહાદતના સમાચાર મળ્યાં તો તે ઘરના એક ખૂણામાં બેસીને કુરઆન શરીફની તિલાવત કરવા લાગ્યાં અને અમે જ્યારે રોક્કળ કરતાં હતાં ત્યારે તેઓ અમને ધીરજ રાખવાનું જણાવતાં હતાં અને કહેતાં હતાં કે ‘મુસ્તફા તો અલ્લાહની અમાનત હતો, જે અલ્લાહે પરત લઈ લીધો.’ તેની શહાદત તો મારા પરવરદિગારની કૃપા છે.





# આયતુલ્લાહ - રૂહુલ્લાહ - મૂસવી - ઈમામ ખુમૈની (રહે.)

## માસ અને વરસના અરીસામાં- ૨૪ સપ્ટેમ્બર ૧૯૦૨ થી ૩ જુન ૧૯૮૯

- જન્મ : ૨૦-જમાદીયુસ્સાની હિજરી સન ૧૩૨૦, ૨૪ મી સપ્ટેમ્બર ૧૯૦૨
- કુટુંબ: આપના બાપ-દાદા અહલેબૈત (અ.સ.)ના સાતમા ઈમામ હઝરત ઈમામ મૂસા કાઝિમના વંશજ હતાં.
- દાદા : સૈયદ અહમદ મૂસવી એક પ્રખર વિદ્વાન હતાં.
- પિતા : આયતુલ્લાહ સૈયદ મુસ્તફા મૂસવી
- માતા : ખાનમ હાજરા-બિન્તે-જનાબ મિર્ઝા એહમદ-જે ખુવાનસારના હતાં. અને ખુમૈનમાં રહેતા હતા.
- ૧૯૦૩: આપના પિતાજીનો ખુમૈન અને અરાક શહેરની વચ્ચે પ્રવાસ દરમિયાન રસ્તામાં જ એક હુમલામાં જાઅફર કુલીખાને વધ કરી દીધો હતો.
- ૧૯૨૩: આપ 'કુમ' (ઈરાનનું એક પ્રખ્યાત શહેર) તશરીફ લાવ્યાં અને શયખ અબ્દુલ કરીમ હાએરીના સાનિધ્યમાં આધ્યાત્મિક અને માનસિક શિક્ષણ મેળવ્યું.
- ૨૭ વરસની વયે હઝરત આયતુલ્લાહ મિર્ઝા મુહમ્મદ તકી તેહરાનીની સુપુત્રી સાથે લગ્ન થયાં. જેમનાથી બે પુત્રો સૈયદ મુસ્તફા અને સૈયદ અહમદ અને ત્રણ પુત્રીઓ જન્મી.
- આપના જનતાના નામે એક સંદેશાથી સૌ પ્રથમ વખત આપને લોકપ્રિયતા અને રાજકારણીય દરજ્જો મળ્યો. તેમાં આપે ઈરાન અને જગતના મુસલમાનોને અન્ય દેશોના અત્યાચારોથી બચવા માટે સક્રિય થવાની વાત કહી હતી.
- ૧૯૬૨ : ઈરાનની સરકારે સ્થાનિક અને રાજ્યકક્ષાની કાઉન્સીલો માટે ચુંટણીના કાયદાઓમાં ફેરફાર કરી એવી જોગવાઈ રદ કરી દીધી કે ચુંટાએલા પ્રતિનિધિઓ કુરઆન ઉપર હાથ મૂકીને શપથગ્રહણ કરશે. તેથી ઈમામે ઈરાનના બાદશાહ અને વડાપ્રધાનને તાર કરીને તેમને ઈસ્લામી કાનૂનનો ભંગ કરવાની બાબતે ચેતવણી આપી.
- ૨૨ માર્ચ ૧૯૬૩ : મદ્રસ-એ-ફૈઝીયાહમાં ઈમામ સાદિક (અ.સ.)ની શહાદતના દિવસે જ્યાં ઈમામ લોકોને સંબધોન કરી રહ્યાં હતાં ત્યાં બાદશાહના સૈનિકોએ હુમલો કર્યો. જેમાં 'મકતબે કુરઆન'ના નિર્દોષ વિદ્યાર્થીઓ શહીદ થઈ ગયા.


E-mail : hadimasik@yahoo.com



- **૩ એપ્રિલ ૧૯૬૩ :** મદ્રસ-એ-ફૈઝીયાહ પરના હુમલાના ચાલીસમાં દિવસે ઈમામે ઈરાનની સરકાર વિશે એવો બયાન જારી કર્યો કે તે અમેરિકા અને ઈઝરાઈલના ઈશારે ઈસ્લામને જડમૂળમાંથી ઉખેડી નાખવાનો ઈરાદો ધરાવે છે અને લોકોએ તેનો સામનો કરવો જોઈએ.
- **૩ જુન ૧૯૬૩ :** મદ્રસ-એ-ફૈઝીયાહમાં ભાષણ આપતાં આપે ઈરાનના બાદશાહને ઉમવી ખલીફા યઝીદ સાથે સરખાવ્યો. ભાષણના બે દિવસ પછી તેમની ધરપકડ કરી લેવામાં આવી અને આપને તહેરાનના કેદખાના 'કસર'માં નજર કેદ રાખવામાં આવ્યાં.
- **૫ જુન ૧૯૬૩ :** ઈમામની ધરપકડની વિરૂધ્ધમાં પ્રદર્શન કરી રહેલા લોકો ઉપર બાદશાહના સૈનિકો જંગલીઓની જેમ તૂટી પડ્યાં જેમાં લગભગ ૧૫ હજાર નિર્દોષ વ્યક્તિઓ શહીદ થઈ ગયા.
- **૪ નવેમ્બર ૧૯૬૪ :** કમાન્ડોની એક ટુકડીએ 'કુમ'માંથી ઈમામની ધરપકડ કરી તેમને તુર્કીમાં દેશ નિકાલ કરી દીધો.
- **૧૨ નવેમ્બર ૧૯૬૪ :** મોટા દીકરા અલ્હાજ મુસ્તફા ખુમૈની તેમને તુર્કીમાં આવીને મળ્યાં.
- **૧૯૬૭ :** છ દિવસના યુધ્ધ દરમિયાન આપે ઈઝરાઈલ સાથેના તમામ સંબંધોના વિચ્છેદ અને તેના ઉત્પાદનો વાપરવાની મનાઈ ફરમાવી. તેથી કુમમાં આપના ઘરને લૂટી લેવામાં આવ્યું અને તેમના પુત્રની ધરપકડ કરી લેવામાં આવી.
- **૧૯૭૧ :** હજના પ્રસંગે નજફથી આખાયે જગતના મુસલમાનો માટે એક સંદેશો પ્રસારિત કર્યો જેમાં ખાસ કરીને એ સમસ્યાઓને ભારપૂર્વક વર્ણવવામાં આવી જે ઈઝરાઈલ તરફથી મુસ્લિમ જગતને નડી રહી હતી.
- **૧૯૭૭ :** અચાનક અને રહસ્યમય સંજોગોમાં ૨૩ ઓક્ટોબરના દિવસે તેમના મોટા પુત્ર સૈયદ મુસ્તફા ખુમૈનીનું અવસાન થઈ ગયું. જેમાં ઈરાનની સિક્યોરીટી પોલિસ 'સાવાક'નો હાથ હોવાનું જણાવવામાં આવ્યું.
- **૧૯૭૮ :** ઈરાકની બાથ સરકારે આપને નજફમાંથી કાઢી મૂક્યાં.
- **૧૯૭૮ :** ૩ ઓક્ટોબરે કુવૈત જવા નિકળ્યાં પરંતુ ત્યાંની સરકારે આપને રક્ષણ આપવાની ના પાડી દીધી.







- ૧૯૭૮ : ૫ ઓક્ટોબરના દિવસે પોતાના પુત્ર સૈયદ અહમદની સલાહ મુજબ પેરિસ ચાલ્યાં ગયાં અને ત્યાં 'નોફિલ લોશાતુ' નામના પરામાં રહેવા લાગ્યાં.
- ૧૯૭૮ : એક અર્ધસરકારી સમાચાર પત્ર 'ઈત્તેલાઆત' એ આપને દેશદ્રોહી જાહેર કર્યા. જે દેશના શત્રુ સાથે મળીને કામ કરે છે. તેની વિરૂધ્ધમાં ભારે પ્રદર્શનો થયાં. જેણે ક્રાંતિનું સ્વરૂપ ધારણ કરી લીધું.
- ૧૯૭૯ : ૩ જાન્યુઆરી : જનરલ અઝહારીની જગ્યાએ નેશનલ ફ્રન્ટએ સાહપોર બખ્ત્યારને વડાપ્રધાન બનાવ્યાં. અને શાહના દેશ નિકાલનો કાર્યક્રમ બનાવવામાં આવ્યો.
- ૧૯૭૯ : ૧૬ જાન્યુઆરી : શાહએ ઈરાન દેશ છોડ્યો.
- ૧૯૭૯ : ૧ ફેબ્રુઆરી : ૧૫ વરસના દેશ નિકાલ પછી ઈરાનની માતૃભુમિ ઉપર પગ મૂક્યો.
- ૧૯૭૯ : ૧ ફેબ્રુઆરી : કરફ્યુ નાંખી દેવામાં આવ્યો. ઈમામે કરફ્યુ ભંગના આદેશ આપ્યાં અને એવી ચેતવણી આપી કે શાહના સૈન્યના મળતિયાઓ ઈરાનની જનતાની કત્લ કરશે તો તેઓ જેહાદનો ફતવો આપી દેશે.
- ૧૯૭૯ : ૧૧ ફેબ્રુઆરી : ઈરાન ઈસ્લામી પ્રજાસત્તાકની સ્થાપના થઈ.
- ૧૯૭૯ : ૧એપ્રિલને 'હુકુમતે ઈલાહિયા' નો પ્રથમ દિવસ જાહેર કરવામાં આવ્યો.
- ૧૯૭૯ : ૧ મે ના દિવસે 'ઈસ્લામી ઈન્કિલાબી કાઉન્સિલ'ના એક અગત્યના સભ્ય અને ઈમામના વહાલા શિષ્ય 'આયતુલ્લાહ મુર્તઝા મુતહરી' નો વધ થયો. આ પ્રસંગે શોક પ્રગટ કરતી વખતે હંમેશા ધીરજ રાખનાર અને પોતાના પુત્રની શહાદત ઉપર ન રડનાર ઈમામ જાહેરમાં રડી પડ્યાં હતા.
- ૧૯૮૯ : સોવીએત યુનિયનના પ્રમુખ 'મિખાઈલ ગોરબાચોફ'ને ઈસ્લામ ધર્મ અંગિકાર કરવા આમંત્રણ પાઠવ્યું.
- ૧૯૮૯ : વિશ્વભરના કુખ્યાત પુસ્તક 'શેતાની વર્સિસ' (શૈતાની આયાત) ના લેખક સલમાન રશ્દીની વિરૂધ્ધ કત્લનો ફત્વો બહાર પાડ્યો.
- ૧૯૮૯ : ૩ જી જુન રવિવારની રાત્રે ૧૦ વાગીને ૩૫ મિનિટે આ મહાન હસ્તીએ આ ફાની દુન્યાનો ત્યાગ કર્યો.
- ૧૯૮૯ : ૪ થી જુનના દિવસે તેહરાનનાં કબ્રસ્તાને બહિશ્તે ઝેહરામાં આપને દફનાવી દેવામાં આવ્યાં.







E-mail : hadimasik@yahoo.com

# અમારા પ્રશ્નો - તમારા જવાબો

પ્રશ્ન-૧ : શહેઝાદીએ-કાએનાત ફાતેમા ઝહરા (સલા)ની વિલાદત અને શહાદત કયા ઈસ્લામી માસમાં થઈ હતી ?
(અ) મોહર્રમ (બ) રમઝાન (ક) જમાદીયુસ્સાની (ડ) શવ્વાલ

પ્રશ્ન-૨ : રસૂલે ઈસ્લામ (સ.અ.વ.)ની વહાલી દીકરીની વિલાદત કયારે થઈ હતી ?
(અ)૧૩-બઅસત (બ) ૫-બઅસત (ક) ૧૫-બઅસત (ડ) ૧૧-હીજરી

પ્રશ્ન-૩ : શાહઝાદી-એ-કાએનાત (સલા.) ની શહાદત કયારે થઈ હતી ?
(અ)૧૦-હીજરી (બ)૧૨-બઅસત (ક)૧૧-હિજરી (ડ)૧૨-હીજરી

પ્રશ્ન-૪ : બીબી ફાતમા (સલા.)ને કેટલાં સંતાન હતાં ?
(અ) ૫ (બ) ૪ (ક) ૩ (ડ) ૬

પ્રશ્ન-૫ : જનાબ ઉમ્મે કુલસૂમ(સલા.)ની વફાત જમાદીયુસ્સાનીની કઈ તારીખે થઈ હતી ?
(અ) ૨૫ (બ) ૨૧ (ક) ૧૦ (ડ) ૨૦

પ્રશ્ન-૬ : શાહઝાદી-એ-કાએનાત (સલા.)ની વાલિદા (માતા)નું નામ શું હતું ?
(અ) ફાતેમા (સલા.) (બ) આમેના (ક) ખદીજા (ડ) બિન્તે અસદ

પ્રશ્ન-૭ : બિલ્કીશના સિંહાસનને જનાબ સુલેમાન અ.સ.ના હુકમથી કોણ લઈ આવ્યું હતું ?
(અ) રાક્ષસ (બ) જિન (ક) આસિફ બરખ્યા (ડ) ફરિશ્તો

પ્રશ્ન-૮ : બિલ્કીશ કયા દેશની મહારાણી હતી ?
(અ) ઈજિપ્ત (બ) ઈરાન (ક) રોમ (ડ) સબા

પ્રશ્ન-૯ : ઈમામ ખુમૈની (રહે.)એ રશ્દીને કત્લ કરવાનો ફતવો કયા વર્ષમાં આપ્યો હતો ?
(અ) ૧૯૮૦ (બ) ૧૯૮૯ (ક) ૧૯૮૧ (ડ) ૧૯૮૮

પ્રશ્ન-૧૦: ઈમામ ખુમૈની (રહે.)ની જન્મની તારીખ કઈ છે ?
(અ) ૨૦-જમાદીયુસ્સાની (બ) ૨૧-રજબ
(ક) ૧૯-જમાદીયુસ્સાની (ડ) ૨૦-રજબ



# ઉસૂલે દીન

(હપ્તો પાંચમો)

## ખુદાનું અસ્તિત્વ (ખુદાની જાત)

**ઝકી :** અસ્સલામો અલયકુમ, હાદીભાઈ !

**હાદી :** વઅલયકુમુસ્સલામ! છેલ્લી મુલાકાત કેવી રહી હતી વહાલા મિત્ર !

**ઝકી :** ઘણી જ સરસ, તમે મને સમજાવ્યું હતુ કે 'તવહીદ'નો અર્થ ખુદાને તેની જાત તેના વિશેષણો - તેની ઈબાદત અને તેના કાર્યો દરેકમાં એક અને એક માત્ર માનવો તે છે, તમે આ બધાંની વિગતો પણ સમજાવી હતી. પણ...

**હાદી :** પણ શું ? શું કોઈ બાબત સમજાઈ નથી ?

**ઝકી :** હાદીભાઈ ! અલ્લાહની જાતને એક અને એકમાત્ર માનતા પહેલા એ બાબત કેવી રીતે જાણીએ કે ખુદાનું અસ્તિત્વ પણ છે કે નહીં ?

**હાદી :** વહાલા મિત્ર, તમે ઘણી સરસ બાબત વિચારી. કેમકે કોઈપણ બાબત માની લેતાં પહેલાં તેને જોવી જરૂરી છે. જોયા વગર માની શકાય નહીં. પરંતુ વહાલા મિત્ર ! દરેક વસ્તુને જોઈને જ માનવામાં નથી આવતી. દા.ત. હવા, વીજળી, આત્મા વિગેરેને જોયા વગર જ તેના અસ્તિત્વને સ્વીકારવામાં આવે છે. આ વસ્તુઓને આંખે જોઈને નહીં પરંતુ બુધ્ધિથી ઓળખીને માનવામાં આવે છે. તેવી જ રીતે ખુદા પણ દેખાતો નથી, તેથી બુધ્ધિથી ઓળખીને તેના અસ્તિત્વને સ્વીકારવામાં આવે છે કે ખુદા છે !

**ઝકી :** તો પછી મને કોઈ દાખલો આપીને સમજાવો કે જોયા વગર ખુદાના અસ્તિત્વને કેવી રીતે સ્વીકારી શકાય ?

**હાદી :** વહાલા મિત્ર ! હું તમને એક પ્રસંગ સંભળાવું છું આપણાં છઠ્ઠા ઈમામ(અ.સ.)ના યુગમાં એક વ્યક્તિ હતો જે ખુદાના અસ્તિત્વને સ્વીકારતો નહોતો. તે એક દિવસ આપણાં ઈમામ(અ.સ.) પાસે આવ્યો અને પૂછ્યું : "આપ કહો છો કે ખુદાને કોઈ જોઈ શકતો નથી તો પછી જોયા વગર અમે કેવી રીતે માની લઈએ કે ખુદા છે ?" ઈમામ(અ.સ.) એ પૂછ્યું : શું કદી એવું બન્યું હતું કે તારું વહાણ સમુદ્રના તોફાનમાં ઘેરાઈ ગયું હોય. વહાણ તુટીને ડુબવા લાગ્યું હોય ? તેણે કહ્યું કે હા. આવું તો બન્યું છે. ઈમામ(અ.સ.) એ પુછ્યું : જ્યારે તને વહાણના ડુબી જવાનો અને પોતે મરી જશે તેવું સંપૂર્ણપણે લાગતું હતું ત્યારે પણ તને હજી પણ બચાવી શકે તેવો કોઈ છે તેમ તારૂં હૃદય તને કહેતું હતું કે નહીં ? તેણે કહ્યું, હા, જરૂર કહેતું હતું. ઈમામ(અ.સ.) એ ફરમાવ્યું "એ કોણ હતો જેનાથી તું નિરાશાની ગર્તામાં પણ આશા બાંધીને બેઠો હતો ? શું તેં તેને કદી જોયો હતો ? તેણે કહ્યું કે જોયો તો નહોતો પરંતુ મનમાં એવા કોઈ વણજોએલા આશ્રયની આશા જરૂર હતી. ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું :"નિરાશાની સ્થિતિમાં આપણે જે આશ્રયનો સહારો લઈએ છીએ તે જ ખુદાની જાત છે."

**ઝકી :** હાદીભાઈ. હવે મને ખુદાના અસ્તિત્વમાં પૂરી શ્રધ્ધા બેસી ગઈ છે અને એ વાતનું પણ યકીન થઈ



E-mail : hadimasik@yahoo.com

ગયું છે કે ખુદા છે. પરંતુ...

**હાદી:** હજી પણ પરંતુ... શું બીજો કોઈ પ્રશ્ન ઉદ્‌ભવે છે ?

**ઝકી:** હા- હાદીભાઈ એ બતાવો કે ખુદાની જાતના ભાગલા પણ પાડી શકાય છે ? એટલે કે ખુદા બે પણ હોઈ શકે છે ? અને બંને મળીને સૃષ્ટિની વ્યવસ્થા કરે. દા.ત. વરસાદનો ખુદા જુદો હોય-ચંદ્ર-સૂર્યનો ખુદા અલગ હોય-વિગેરે. શું આવી રીતે બે કે બે કરતાં પણ વધારે ખુદા ન હોઈ શકે ? એક જ અને એકમાત્ર જ કેમ?

**હાદી:** વહાલા મિત્ર ! ખુદા કદીયે બે ન હોઈ શકે. તેના ઘણાં કારણો છે.

**ઝકી:** કેટલાંક કારણો મને પણ જણાવો ને.

**હાદી:** તો સાંભળો. હું એવા કેટલાક કારણો જણાવું છું, જે ખુદાના એક હોવાની સાબિતીઓ છે.

(૧) પૃથ્વીથી લઈને આકાશ સુધીની સમગ્ર સૃષ્ટિનું એક પધ્ધતિએ થતું સંચાલન - ચંદ્ર - સૂર્યનું એક નિશ્ચિત સમયે ઉગવું અને આથમી જવું - નદીઓનું એક જ પ્રવાહમાં થતું વહેણ - વૃક્ષોનું એક પધ્ધતિએ ઊગવું અને તેમની વૃધ્ધિ એ દર્શાવે છે કે આ સૃષ્ટિનો પેદા કરનાર એક અને ફક્ત એક જ છે. નહીં તો સૃષ્ટિની સંચાલન વ્યવસ્થામાં ગરબડ ઉભી થઈ જાત.

(૨) એક લાખ ચોવીસ હજાર નબીઓએ અને આકાશી તમામ પુસ્તકોમાં એ હકીકતનું વર્ણન છે કે ખુદા એક જ છે. જો બીજા પણ કોઈ ખુદા હોત તો તે પણ નબી મોકલતો અને પોતાના ધર્મ ગ્રંથો નાઝિલ કરતો - એના ઉપરથી સ્પષ્ટ થાય છે કે ખુદા એક જ છે.

(૩) આવી રીતે ખુદા બે કે બે કરતાં વધુ હોત તો બીજા ખુદાઓએ બનાવેલ બીજા જગત પણ હોત. અને તે જગતની અન્ય વસ્તુઓ પણ હોત. પરંતુ બીજું કોઈ જગત નથી. તે ઉપરથી પણ સાબિત થાય છે કે ખુદા પોતે એક અને એકમાત્ર છે.

**ઝકી:** તમે જણાવ્યું કે ખુદાનું એક હોવું જરૂરી છે. નહીં તો સૃષ્ટિની વ્યવસ્થામાં ગરબડ ઉભી થઈ જાય. તો શું બે ખુદા એક બીજા સાથે હળી-મળીને પણ કામ ન કરી શકે ?

**હાદી:** તમે વાત તો બરાબર વિચારી છે. પરંતુ જેવી રીતે બે વ્યક્તિઓ મળીને કોઈ કામ કરે છે ત્યારે ક્યારેક તેમની વચ્ચે મનમેળ રહે છે. તો ક્યારેક તેમની વચ્ચે મતભેદો પણ જન્મે છે. જો બંને ખુદા હળી મળીને કામ કરે તો બંને એકબીજાના અભિપ્રાયના મોહતાજ રહેશે. અને ખુદા કોઈના અભિપ્રાયનો મોહતાજ હોઈ શકે નહીં. કોઈનો પણ મોહતાજ હોવું એ ફક્ત બંદાઓનું કામ છે.

અને બંને વચ્ચે મતભેદ ઉભો થાય તો જે વધુ શક્તિશાળી હશે તેની જ મનમાની થશે. કમજોર ખુદાનું કાંઈ ઉપજશે નહીં. અને જે કમજોર હોય તે ખુદા હોઈ શકે નહીં. કેમકે કમજોર ખુદા થઈ શકે જ નહીં.

**ઝકી:** હાદીભાઈ ! હવે મને એ વાત પૂરી રીતે સમજાઈ ગઈ કે ખુદાનું અસ્તિત્વ છે. તેને જોયા વગર માનવું ફરજિયાત (વાજિબ) છે. બે ખુદા સંભવી શકે નહીં. ખુદા તો એક અને એકમાત્ર છે. પરંતુ એ જણાવો કે શું ખુદા નિરંતર (નિત્ય-હંમેશાં) થી એક હતો અને નિરંતર (નિત્ય) એક જ રહેશે ?

**હાદી:** હા - ભાઈ - ખુદા નિત્યથી એક જ હતો અને નિત્ય એક જ રહેશે. એ એટલા માટે કે તેને ન તો કોઈએ જન્મ આપ્યો છે અને તેને કદી મૃત્યુ પણ આવશે નહીં.

**ઝકી:** સારૂં, હવે હું પૂરેપૂરી રીતે સમજી ગયો, પરંતુ હવે એ જણાવો કે ખુદાની વિશેષતાઓ શું છે ? અને ખુદાની વિશેષતાઓમાં 'એક અને એકમાત્ર' હોવાનો અર્થ શું છે ?

**હાદી:** વહાલા મિત્ર ! આજે તો વાર્તાલાપનો અહિયાં જ અંત લાવીએ. આગામી મુલાકાત વખતે આ બધું બતાવીશ.

(વધુ આવતા અંકે)



E-mail : hadimasik@yahoo.com

# વિશ્વની જાણકારી

## મધમાખીઓને પણ થોડુંક ગણિત આવડે છે.

સિડની : આંતરરાષ્ટ્રિય વૈજ્ઞાનિકોની એક ટીમના મત પ્રમાણે મધમાખીઓને પણ થોડુંક ગણિત આવડે છે. અને ચાર સુધી ગણી શકે છે. એક નવા પ્રયોગ પ્રમાણે ટપકાંની ગણત્રી તેમને આવડતી ન હોવા છતાં પણ મધમાખીઓ બે અને ત્રણ ટપકાની પેટર્ન વચ્ચેનો તફાવત સમજી શકતી હતી. અને થોડોક અભ્યાસ કરાવવાથી તેમને ત્રણ અને ચાર ટપકાની પેટર્ન વચ્ચેનો તફાવત પણ ખ્યાલમાં આવી જતો હતો. પરંતુ ચાર પછી મધમાખીના ગણિત જ્ઞાનનો અંત આવી જતો હતો. વૈજ્ઞાનિકોની ટીમે ગહન અવલોકનોને અંતે એ પણ શોધી કાઢ્યું કે તેમની મધમાખીઓ આધારભૂત રીતે ચાર ટપકા અને પાંચ કે છ ટપકા વચ્ચેનો તફાવત સમજી શકતી નહોતી.

ઈનામ માટે બે કે ત્રણ ટપકાંવાળી નિશાનીઓ હતી. મધમાખીઓ બે કે ત્રણ ટપકાંની પેટર્નની નિશાનીવાળા પ્રવેશ દ્વારોમાંથી ઉડીને દાખલ થઈ જતી હતી. તે પછી મધમાખીઓએ ટપકાંની સંખ્યાને ચોક્કસ રીત સરખાવીને બે જુદી જુદી પેટર્નમાંથી સરખી સંખ્યાના ટપકાની પેટર્નની પસંદગી કરવાની થતી હતી અને તે પસંદગીથી જ તે પોતાના ઈનામ સુધી પહોંચી શકતી હતી. એક વખત આ બાબત જાણી લીધાં પછી તેમને આ બાબતનું પુનરાવર્તન કરવામાં કોઈ તકલીફ પડતી ન હોતી. દા.ત. આ મધમાખીઓ જાણી જતી કે પ્રવેશદ્વાર ઉપર બે ટપકાંની પેટર્ન હોય તો ત્યાંથી પ્રવેશ કર્યા પછી પેટર્નની બીજી જોડીમાંથી પણ બે ટપકાંની પેટર્નની પાછળ જ ઈનામ સંતાડેલું છે.

એ.એન.જી.ના રિલીઝ પ્રમાણે ઝિંગનારના વૈજ્ઞાનિક જણાવે છે કે પ્રયોગના વાતાવરણના ખૂબ જ ઝીણવટ ભર્યા અંકૂશ ઉપરથી એ હકીકત સાબિત થઈ હતી કે આ મધમાખીઓ તેમના ઈનામ તરીકે સંતાડેલ શરબત શોધી કાઢવા માટે રંગ-ગંધ કે એવા બીજા કોઈ સૂચકોનો ઉપયોગ કરતી નહોતી.

શરૂઆતમાં આ ટપકાંની પેટર્ન સમજવામાં મધમાખીઓને સારો એવો સમય લાગ્યો હતો. પરંતુ એક વખતે આ પધ્ધતિ સમજાઈ ગયાં પછી તો તીરની જેમ ઉડીને તે મધમાખીઓ આ નિશાનીઓમાંથી પસાર થઈ જતી હતી.

('કિડઝ-એજ'માંથી સાભાર)

## ઘડિયાળના કાંટા ડાબેથી જમણે (ક્લોકવાઈઝ) કેમ ફરે છે ?

અંગ્રેજી ભાષામાં 'ક્લોકવાઈઝ' શબ્દ ડાબેથી જમણી તરફની ગતિનો પર્યાયી બની ગયો છે. પરંતુ ઘડિયાળના કાંટા ડાબેથી જમણે જ કેમ ફરે છે ? એવી પણ ઘણી વસ્તુઓ છે જે કાઉન્ટર ક્લોકવાઈઝ એટલે કે જમણેથી ડાબે ફરે છે. બેઝબોલના ખેલાડીઓ બેઝિસને જમણેથી ડાબે ફેરવે છે. ઘોડાઓની રેસમાં ટ્રેકમાં ઘોડાઓ જમણેથી ડાબે દોડે છે. કોઈપણ બરણીના ઢાંકણાં ઉઘાડવા માટે તેમને જમણેથી ડાબે ફેરવવા પડે છે.

તો પછી ઘડીયાળના કાંટા ડાબેથી જમણે જ કેમ ફરે છે ? કે જેથી ડાબેથી જમણી દિશાની ગતિ માટે અંગ્રેજીમાં 'ક્લોકવાઈઝ' શબ્દ પ્રચલિત થઈ ગયો છે.

આનું કારણ ઘણું સહેલું છે. આપણી મૂળ ઘડિયાળો 'સૂર્ય ઘડિયાળો' હતી.

ઉત્તરગોળાર્ધમાં કે જ્યાં શરૂઆતમાં આ 'સૂર્ય ઘડિયાળો' ઘણી પ્રચલિત હતી ત્યાં - સૂર્યની આકાશમાંની ગતિ અનુસાર-આ 'સૂર્ય-ઘડિયાળો' માં પડછાયો ઘડિયાળના વર્તુળમાં ડાબેથી જમણે (ક્લોકવાઈઝ) ગતિ કરતો હતો. કાંટાવાળી મશીન-ચાવીવાળી ઘડિયાળો મૂળભૂત રીતે આ 'સૂર્ય-ઘડિયાળો'ની ખૂબ નાની આવૃત્તિ રૂપે શોધાઈ હતી. સૂર્ય ઘડિયાળમાં જેવી રીતે પડછાયો ડાબેથી જમણે જતો હતો તેવી રીતે - તેના જ અનુસરણમાં આ મશીન કાંટાવાળી ઘડિયાળોમાં પણ કાંટા ડાબેથી જમણે ગતિ કરે તેવી જ ગોઠવણ કરવામાં આવી હતી.

તો હવે તમે જાણી ગયાં ને કે ઘડિયાળના કાંટા ડાબેથી જમણી તરફ કેમ ફરે છે !!!

('કિડઝ-એજ' માંથી સાભાર)

# સાચા જવાબો

## વહાલા બાળકો !

**ગયા અંકના પ્રશ્નોના સાચા જવાબો આ પ્રમાણે છે. તમે તમારા જવાબો આનાથી મેળવી લો.**

પ્રશ્ન-૧ : જમાદીયુલ અવ્વલના માસમાં નબી (સ.અ.વ.)ની કઈ દોહિત્રી (નવાસી-દીકરીની દીકરી)નો જન્મ (વિલાદત) થયો હતો ?
(ક) ઝયનબ (સલા.)

પ્રશ્ન-૨ : આપણાં ચોથા ઈમામની વિલાદત કઈ તારીખે થઈ હતી ?
(અ) ૧૫ જમાદીયુલ અવ્વલ

પ્રશ્ન-૩ : આપણાં નબી (સ.અ.વ.)ના દાદાનું નામ શું હતું ?
(અ) અબ્દુલ મુત્તલિબ (અ.સ.)

પ્રશ્ન-૪ : 'જંગે જમલ' કઈ હિજરી સન માં થઈ હતી ?
(ડ) ૩૬ હિજરી

પ્રશ્ન-૫ : 'ઉસૂલે દીન' માં પ્રથમ કઈ બાબત આવે છે ?
(બ) તવહીદ

પ્રશ્ન-૬ : શયતાનને કઈ બાબતથી તાવ આવી જાય છે ?
(અ) નમાઝે જમાઅત

પ્રશ્ન-૭ : હઝરત ફાતેમા ઝહરા (સલા.)ને કેટલી દિકરીઓ હતી ?
(ડ) બે

પ્રશ્ન-૮ : જનાબ આદમ(અ.સ.)ના દીકરા 'હાબીલ'ના ભાઈનું નામ જણાવો?
(અ) કાબીલ

પ્રશ્ન-૯ : આપણા વહાલા નબી (સ.અ.વ.)ના પ્રથમ પત્નિનું નામ શું હતું?
(બ) ખદીજા

પ્રશ્ન-૧૦: દીનના મૂળને શું કહેવામાં આવે છે ?
(બ) ઊસૂલે દીન


## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | (૧) અબ્બાસભાઈ મિઠાણી એગ્ઝ માર્ટ ફોન : ૯૮૨૪૪ ૯૬૯૪૨ |
| | | (૨) ભંભેરા મોહમ્મદ હુસૈન જાફરઅલી ફોન : ૯૪૨૮૧૨૩૨૩૩ |
| કાણોદર | : | મોહસીનભાઈ જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| ભરૂચ | : | જાવેદભાઈ ડોસાણી |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | (૧) કમરઅલીભાઈ મોમીન (૨) મૌલાના આલીમઅલી |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| તળાજા | : | મોહસીન અલી જી.ભૂરાણી ફોન : ૯૯૧૩૬૦૭૧૧૦ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સીહોર | : | મૌલાના દિલબર હુસૈન ફોન : ૯૯૦૯૪૭૧૪૭૨ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પરમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨

# ટાઈમ ટેબલ

| સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર | શનિવાર | રવિવાર |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |


HADI MASIK

: Publishers : **Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**



Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.
Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612

**E-mail : hadimasik@yahoo.com**





*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*